
વર્ષઃ 7 અંકઃ 02

16-31 જુલાઈ, 2026 (નિઃશુલ્ક)

# ન્યૂ ઈન્ડિયા સમાચાર





# યુવા શક્તિ

## શિક્ષણથી સામર્થ્યની ઉડાન

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2030 દેશની યુવા શક્તિને માત્ર સાક્ષર નહીં પરંતુ કુશળ, આત્મનિર્ભર અને પ્રતિસ્પર્ધી બનાવી રહી છે. વ્યવહારિક જ્ઞાન, આધુનિક તકનિક અને કૌશલ્ય વિકાસ પર કેન્દ્રિત આ નીતિએ પ્રશસ્ત કર્યા છે ભારતીય યુવાનો માટે સંભાવનાઓના નવા માર્ગ...

અમને ફોલો કરો @NISPIBIndia

# સમુદ્રથી આકાશ સુધી વધુ સુરક્ષિત અને આત્મનિર્ભર બનતું ભારત



*2026ના વર્ષનું અડધુ વર્ષ વીતી ગયું છે. આ છ મહિનામાં 'મન કી બાત' માં દેશવાસીઓની અનેક સિદ્ધિઓ પર ચર્ચા કરવામાં આવી છે. જૂનમાં પણ દેશે કેટલીક એવી સિદ્ધિઓ હાંસલ કરી  જે દરેક દેશવાસીઓને ગર્વથી ભરી દે છે. આ સફળતાઓ સમુદ્રથી લઈને આકાશ સુધી ભારતને વધુ સુરક્ષિત અને આત્મનિર્ભર બનાવી રહી છે. રેડિયો પર પ્રસારિત થતા 'મન કી બાત' કાર્યક્રમની 135મી આવૃત્તિમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઘણા મહત્વપૂર્ણ વિષયો પર વાતચીત કરી. પ્રસ્તુત છે મુખ્ય સંપાદિત અંશ...*

- **નૌકા સેના:** તાજેતરમાં જ કોલકાતામા આઈએનએસ દૂનાગિરી, આઈએનએસ સંશોધક અને આઈએનએસ અગ્રયને ભારતના નોકાદળના બેડામાં સામેલ કરાયા. આ શિપની ડિઝાઈન અને મેન્યુફેક્ચરિંગ સુધીની તમામ ચીજો સ્વદેશી છે.
- **સુરક્ષિત અને આત્મનિર્ભર:** જૂન મહિનામાં જ ડીઆરડીઓ  દ્વારા સ્વદેશી 'લાંબા અંતરની જમીન પર હુમલો કરનારી ક્રૂઝ મિસાઈલ'નું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે. તેને ડીઆરડીઓની પ્રયોગશાળા અને ભારતીય ઉદ્યોગ ભાગીદારોએ સાથે મળીને બનાવી છે. એટલે કે આજે સમુદ્રથી લઈને આકાશ સુધી ભારત વધુ સુરક્ષિત અને આત્મનિર્ભર બની રહ્યું છે.
- **રોજગારની તકો:** C-295 વિમાન 'મેડ ઈન ઈન્ડિયા' છે અને તેણે તેની પ્રથમ ઉડાન પૂર્ણ કરી છે. આવા 40 વિમાન ભારતમાં જ બનાવવામાં આવી રહ્યા છે. તેનાથી MSME અને એરોસ્પેસ ક્ષેત્રને નવી શક્તિ મળી રહી છે. રોજગારની તકો વધી રહી છે.
- **આંતરરાષ્ટ્રીય યોગ દિવસ:** આ વખતે દુનિયામાં 2500થી વધુ સ્થળો પર યોગ કાર્યક્રમો યોજાયા હતા. આપણા દેશમાં કરોડો લોકોએ અનેક સ્થળો પર યોગ કાર્યક્રમોમાં ભાગ લીધો હતો.
- **વિશ્વ યોગાસન ચેમ્પિયનશિપ:** જૂન મહિનામાં અમદાવાદમાં આયોજિત 'વિશ્વ યોગાસન ચેમ્પિયનશિપ'માં ભારતે 114 મેડલ જીત્યા, જેમાં 102 ગોલ્ડ મેડલ સામેલ છે. ચેમ્પિયનશિપની મેડલની યાદીમાં ભારત પ્રથમ સ્થાને રહ્યું. તમામ વિજેતા ખેલાડીઓને ખૂબ ખૂબ અભિનંદન.
- **'હરગિલા આર્મી':** આસામમાં એક દુર્લભ પક્ષી 'હરગિલા' જોવા મળે છે. જે પક્ષીને ક્યારેક અશુભ માનીને ભગાડી દેવામાં આવતું હતું, તે જ હવે ગામડાઓની ઓળખ બની ગયું છે. હજારો ગ્રામીણ મહિલાઓ 'હરગિલા'ને બચાવવા માટે આગળ આવી - આજે તેઓ 'હરગિલા આર્મી' તરીકે ઓળખાય છે.
- **પ્રતિભા દર્શાવવાનો અવસર:** નાગાલેન્ડની વુમન ફુટસાલ લીગ આપણી દીકરીઓને તેમની પ્રતિભા બતાવવાની એક ઉત્તમ તક આપી રહી છે. ફુટસાલને ઈન્ડોર ફૂટબોલ પણ કહેવામાં આવે છે. હું આવી પહેલ માટે નાગાલેન્ડના લોકોની પ્રશંસા કરું છું. આવા પ્રયાસો દેશના અન્ય ભાગોને પણ પ્રેરણા આપે છે.
- **નાલંદા વિશ્વવિદ્યાલય:** હજારો વર્ષ જૂનું નાલંદા વિશ્વવિદ્યાલય હવે નવા અવતારમાં ભારતનું ભાગ્ય ઘડી રહ્યું છે. બે વર્ષ અગાઉ મને નાલંદા વિશ્વવિદ્યાલયના નવા પરિસરના લોકાર્પણનો અવસર મળ્યો હતો. નાલંદા વિશ્વવિદ્યાલયે શાસ્ત્રાર્થની આપણી પ્રાચીન પરંપરાને ફરીથી જીવંત કરી છે.
- **યુનેસ્કો વિશ્વ ધરોહર:** મેઘાલયના 'રૂટ બ્રિજ' (વૃક્ષોના મૂળમાંથી બનેલો પુલ) એ દર્શાવે છે કે મનુષ્ય પ્રકૃતિ સાથે મળીને કેટલી અદભૂત વસ્તુઓનું નિર્માણ કરી શકે છે. આ આપણા દેશની અને આ પૃથ્વીની ધરોહર છે. હવે ભારતે મેઘાલયના રૂટ બ્રિજને યુનેસ્કોની વિશ્વ ધરોહર સ્થળની યાદીમાં સામેલ કરવા માટે આવેદન કર્યું છે.
- **ગણપતિ બાપ્પા:** પ્રયાસ કરો કે ઘર, સોસાયટી કે આસપાસની જગ્યાઓ પર ગણપતિ બાપ્પાની જે મૂર્તિ સ્થાપિત થાય, તે આપણા દેશની માટીમાંથી બનેલી હોય. તે આપણા કુંભારો અને સ્થાનિક કલાકારોના હાથે તૈયાર થયેલી હોય. જે લોકો ગણેશજીની મૂર્તિઓ બનાવે છે, તેમને પણ મારી વિનંતી છે કે તેઓ માટીની મૂર્તિઓને પ્રાથમિકતા આપે. ■

'મન કી બાત' આખી સાંભળવા માટે QR કોડ સ્કેન કરો

ન્યૂ ઈન્ડિયા
# સમાચાર

વર્ષઃ 7, અંકઃ 02 | 16-31 જુલાઈ, 2026



મુખ્ય સંપાદક
ધીરેન્દ્ર ઓઝા
મુખ્ય મહાનિદેશક
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો, નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
સંતોષ કુમાર

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
પવન કુમાર

સહાયક સલાહકાર સંપાદક
અખિલેશ કુમાર
ચંદનકુમાર ચૌધરી

ભાષા સંપાદન
સુમિત કુમાર (અંગ્રેજી)
રજનીશ મિશ્રા (અંગ્રેજી)
નદીમ અહેમદ (ઉર્દૂ)

સિનિયર ડિઝાઈનર
ફુલચંદ તિવારી

ડિઝાઈનર
અભય ગુપ્તા
સત્યમ સિંહ





**13 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યૂ ઈન્ડિયા સમાચાર વાંચવા માટે ક્લિક કરો.**


https://newindiasamachar.pib.gov.in/news.aspx

**ન્યૂ ઈન્ડિયા સમાચારના જૂના અંક વાંચવા માટે ક્લિક કરો**

https://newindiasamachar.pib.gov.in/archive.aspx

'ન્યૂ ઈન્ડિયા સમાચાર' અંગે સતત અપડેટ મેળવવા માટે ફોલો કરોઃ @NISPIBIndia

## અંદરના પાના પર...




**કવર સ્ટોરી**

6 વર્ષ અગાઉ 29મી જુલાઈએ આવેલી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020થી શિક્ષણ સુધીની પહોંચ વધી, ઉચ્ચ શિક્ષણનું માળખું મજબૂત થયું, કૌશલ્ય વિકાસ અને રોજગારના અવસરો વધ્યા. શિક્ષણ નીતિથી આવેલા બદલાવને કારણે હવે યુવાનો 'અમૃત પેઢી' તરીકે વિકસિત ભારતના સારથી બની ગયા છે... |10-21

**12મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ**

**સૌને જોડતો સૌને સાથે લાવતો**

**યોગ**

ભારતની હજારો વર્ષ પુરાણી યોગ પરંપરા આજે સમગ્ર દુનિયા માટે બની ગઈ છે નવી આશા |30-33




સમાચાર સાર |4-5

વ્યક્તિત્વઃ કાદમ્બિની ગાંગુલી
ભારતમાં ચિકિત્સા શિક્ષણનો અભ્યાસ કરીને પ્રેક્ટિસ કરનારી પ્રથમ મહિલા |6

'પ્રગતિ'થી ઉર્જા, ઉદ્યોગ અને પરિવર્તનને મળ્યો વેગ
પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 'પ્રગતિ'ની 52મી બેઠકનું અધ્યક્ષપદ સંભાળ્યું |7

નેશન ફર્સ્ટ, ભારતનો સૌથી મોટો મંત્ર
રિપબ્લિક સમિત – 2026ને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંબોધિત કરી |8-9

દિલ્હીને છ લેન સુરંગ, યૂપીને નવો હાઈવે
કેન્દ્રીય મંત્રીમંડળનો નિર્ણય |22-23

ભવિષ્યની અર્થવ્યવસ્થાનું નેતૃત્વકાર બનશે ભારત
પીએમ વિકસિત ભારત રોજગાર યોજનામાં 2,400 કરોડ રૂપિયાની રાશિ વિતરિત |24-25

બંગાળ ઈતિહાસ રચશે... ભારતની ગતિ વધશે
પીએમ મોદીએ પીએમ-કિસાનનો 23મો હપ્તો જારી કર્યો |26-27

પ્રવેશ-દ્વાર તરીકે ઉભરી રહ્યું છે 'ઓડિશા
47,000 કરોડ રૂપિયાની વિકાસ પરિયોજનાઓની ભેટ |28-29

પદ્મ પુરસ્કાર 2026: નિષ્ઠા અને સમર્પણને નમન
વિશેષ લેખમાં દેશના 'નાયકો'ની પ્રેરક કહાનીઓ |34-38

ગ્લોબલ સાઉથની આકાંક્ષા અને અપેક્ષાઓનો ભારત સશક્ત અવાજ
સતત આઠમી વખત G-7માં ભારતને મળ્યું આમંત્રણ |39-41

ભારત અને સેશેલ્સની મિત્રતાના સુવર્ણ 50 વર્ષ
સેશેલ્સના રાષ્ટ્રીય દિવસની સુવર્ણ જયંતિ પર સામેલ થયા પીએમ મોદી |42-43

મહિલા ખેલ જગતનો સુવર્ણ યુગ, ખેલો ઈન્ડિયાથી વૈશ્વિક મંચ સુધી
એફઆઈએચ હોકી મહિલા નેશન્સ કપ |44



પ્રકાશક અને મુદ્રકઃ કંચન પ્રસાદ, મહાનિદેશક સીબીસી (કેન્દ્રીય સંચાર બ્યૂરો) પત્ર વ્યવહાર અને ઈમેલ માટેનું સરનામુંઃ રૂમ નંબર- 1077, સૂચના ભવન, સીજીઓ કૉમ્પ્લેક્સ, નવી દિલ્હી-110003, ઈમેલ- response-nis@pib.gov.in આર.એન.આઈ. નંબર DELHIN/2020/78812

# સંપાદકની કલમે ...

# વિકસિત ભારત : અમૃત પેઢીનો અમૃત સંકલ્પ

સાદર નમસ્કાર

उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत

अर्थात - उठो, जागो और लक्ष्य की प्राप्ति तक मत रुको।

સ્વામી વિવેકાનંદજીએ કઠોપનિષદના આ મંત્રને યુવાનોનો 'જીવન મંત્ર' કહ્યો હતો. આજે જ્યારે ભારત વિશ્વની સૌથી મોટી યુવા વસ્તી ધરાવતો દેશ છે અને લગભગ 65 ટકા વસ્તી 35 વર્ષથી ઓછી ઉંમરની છે, ત્યારે આ સંદેશ પહેલાં કરતાં વધુ સુસંગત બની જાય છે.

ભારત આજે સકારાત્મક પરિવર્તનના એક મહત્વપૂર્ણ સંજોગોમાંથી પસાર થઈ રહ્યું છે. શિક્ષણ, કૌશલ્ય વિકાસ, રમતગમત, ઉદ્યમિતા અને નવાચાર એમ દરેક ક્ષેત્રમાં યુવાનો આ બદલાવના સૌથી સશક્ત વાહક બનીને ઉભર્યા છે. જ્યારે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દેશની ચાર મુખ્ય શક્તિઓ - ગરીબ, યુવા, અન્નદાતા અને નારી શક્તિની વાત કરે છે, ત્યારે તેમાં યુવા શક્તિને વિશેષ સ્થાન પ્રાપ્ત છે. વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવામાં યુવાનોની ભૂમિકા સૌથી મહત્વની છે.

'અમૃત પેઢી' તરીકે ઓળખાતા આ યુવાનો આજે માત્ર ભવિષ્યના સપના જ નથી જોઈ રહ્યા, પરંતુ 'વિકસિત ભારત @2047' ના સહ-નિર્માતા બનીને તેનો મજબૂત પાયો નાખી રહ્યા છે. 'વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ' જેવા મંચો દ્વારા કરોડો યુવાનો રાષ્ટ્રીય અભિયાનો સાથે જોડાઈ રહ્યા છે.

"છેલ્લા 12 વર્ષમાં ભારત સરકારે યુવાનોની ક્ષમતાને ઓળખીને તેમને સ્ટાર્ટઅપ, જાહેર સેવા, રમતગમત અને રચનાત્મક ક્ષેત્રોમાં આગળ વધવાની અભૂતપૂર્વ તકો આપી છે. આજે ભારત દુનિયાનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ છે અને તેની કમાન આ યુવાનોના હાથમાં જ છે."

શિક્ષણના ક્ષેત્રમાં પણ આ બદલાવ સ્પષ્ટપણે જોવા મળે છે. હવે પ્રાથમિકતા માત્ર શિક્ષણ સુધી પહોંચ વધારવાની જ નહીં, પરંતુ ગુણવત્તાપૂર્ણ શિક્ષણ સુનિશ્ચિત કરવાની છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 આ પરિવર્તનની મજબૂત આધારશિલા બની છે. 2026ની 29મી જુલાઈએ NEPને છ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ નીતિ 'અમૃત પેઢી'ને ભવિષ્ય માટે તૈયાર કરીને 'વિકસિત ભારત @2047'ના લક્ષ્યને નવી દિશા અને નવી ગતિ આપી રહી છે.

આ ઉપરાંત, વ્યક્તિત્વના ક્રમમાં ભારતમાં ચિકિત્સક તરીકે પ્રશિક્ષિત પ્રથમ મહિલા કાદમ્બિની ગાંગુલી, આંતરરાષ્ટ્રીય યોગ દિવસ, પદ્મ સન્માન, મહિલા હોકી ખેલાડીઓ અને એથ્લેટ્સ દ્વારા વૈશ્વિક સ્તરે દેશનું માન વધારવા સહિત વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પખવાડિયા ભરના કાર્યક્રમોને તેમાં સામેલ કરવામાં આવ્યા છે.

સાથે જ, પત્રિકાના ઈનસાઈડ પેજ પર 'મન કી બાત' અને બેક કવર પર ભારતીય નૌસેનાના ત્રણ આધુનિક જહાજોને કમિશન કરવા અંગેની વિશેષ સામગ્રી સમાવિષ્ટ છે.

તમે તમારા સૂચનો અમને મોકલતા રહો.

धीरेन्द्र

(ધીરેન્દ્ર ઓઝા)

**હિન્દી, અંગ્રેજી અને અન્ય 11 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યુ ઈન્ડિયા સમાચાર વાંચો/ડાઉનલોડ કરો.**

**https://newindiasamachar.pib.gov.in/news.aspx**

# આપની વાત...




## પત્રિકા વાંચવાથી મળે છે મદદ

હું રૂપેશ ખાન, બાંકુરા સદર, પશ્ચિમ બંગાળનો રહેવાસી છું. હું એક પત્રકાર છું અને નિયમિતપણે 'ન્યૂ ઈન્ડિયા સમાચાર' વાંચું છું. તેનાથી મને ઘણી મદદ મળે છે.

rupeshphoto@gmail.com

## સામગ્રી અને તકનીકીની કસોટી પર ઉત્કૃષ્ટ

'ન્યુ ઈન્ડિયા સમાચાર'માં સરકારની સિદ્ધિઓ અને ભાવિ યોજનાઓ વિશે વાંચવું એ એક જાગૃત નાગરિક માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. અન્ય કોઈ પણ અખબાર કે સામયિકમાં આ વિગતો તેમના દ્રષ્ટિકોણથી વાંચવા મળે છે. હું પોતે એક સ્વતંત્ર લેખક છું, તેથી દેશની પ્રગતિમાં માહિતીની પારદર્શિતાનું મહત્વ સમજી શકું છું. આ મહાયજ્ઞમાં આ સામયિકના માધ્યમથી જે યોગદાન આપવામાં આવી રહ્યું છે, તેના માટે હું મુક્ત કંઠે પ્રશંસા કરવા માંગુ છું.

વિવેક રંજન શ્રીવાસ્તવ

apaniabhivyakti@gmail.com

## સામયિકથી મારી જાણકારીમાં ઘણો સુધારો થયો છે

હું ગુજરાતના અમદાવાદમાં રહું છું. હું ગુજરાત સ્ટેટ પીસીએસ અને યુપીએસસી (UPSC) પરીક્ષાની તૈયારી કરી રહ્યો છું. પીઆઈબી દરરોજ દેશના વિકાસ માટે સરકાર દ્વારા લેવાયેલા પગલાં વિશે જરૂરી માહિતી આપે છે. તૈયારીમાં પીઆઈબી તરફથી મળતી માહિતી ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવે છે. છેલ્લા કેટલાક મહિનાથી હું ગુજરાતી ભાષામાં 'ન્યૂ ઈન્ડિયા સમાચાર' સામયિકની ડિજિટલ કોપી વાંચી રહ્યો છું, જેનાથી મારી જાણકારીમાં ઘણો સુધારો થયો છે. મારી જેમ ઘણા વિદ્યાર્થીઓ વાંચવાના શોખીન છે. જોકે, મને મોબાઈલ પર ડિજિટલ કોપી વાંચવાને બદલે પુસ્તક વાંચવું વધારે પસંદ છે.

jaydevsinhdodiya0611@gmail.com

## પરીક્ષાની તૈયારીમાં ખૂબ જ મદદરૂપ સામયિક

હું સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહી છું. હું તમને જણાવવા માંગુ છું કે પરીક્ષાની તૈયારી માટે આ સામયિક મારા માટે ખૂબ જ મદદરૂપ છે.

gavidisravani7@gmail.com

## વિવિધ પ્રકારની માહિતી મેળવવા માટે ખૂબ જ ઉપયોગી છે આ પત્રિકા

હું ચંદન બસુ, એક પત્રિકાનો સંપાદક છું. મારી ઉંમર 66 વર્ષ છે. મને નિયમિતપણે 'ન્યૂ ઈન્ડિયા સમાચાર' ઈમેલ પર મળે છે. મને લાગે છે કે આ પત્રિકા વિવિધ પ્રકારની માહિતી મેળવવા માટે ખૂબ જ ઉપયોગી છે.

ચંદન બસુ

outlineofindia@gmail.com

પત્ર વ્યવહાર અને ઈમેલ માટેનું સરનામુઃ રૂમ નંબર-1077, સૂચના ભવન, સીજીઓ કોમ્પલેક્ષ, નવી દિલ્હી - 110003.


**ઈમેલ : response-nis@pib.gov.in**

**સમાચાર સાર**

# શિપ રિસાયક્લિંગમાં ભારત પ્રથમ સ્થાને

જૂના, બિનઉપયોગી અથવા સેવા પૂરી કરી ચૂકેલા જહાજોને તોડીને તેમાંથી ફરીથી ઉપયોગમાં લઈ શકાય તેવા ભાગોને અલગ કરવાની બાબતમાં ભારત 2025માં વિશ્વનો સૌથી મોટો શિપ રિસાયકલિંગ દેશ બની ગયો છે. સંયુક્ત રાષ્ટ્ર વ્યાપાર અને વિકાસ સંમેલન (UNCTAD) ના તાજેતરના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે વૈશ્વિક શિપ રિસાયકલિંગમાં ભારતનો હિસ્સો વર્ષ 2024ના 30.1 ટકાથી વધીને વર્ષ 2025માં 35.4 ટકા થઈ ગયો છે.

આ સાથે જ ભારતે 'મેરીટાઈમ ઈન્ડિયા વિઝન 2030' ના શિપ રિસાયકલિંગના લક્ષ્યાંકને નિર્ધારિત સમય કરતાં પાંચ વર્ષ વહેલા જ હાંસલ કરી લીધો છે. કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલે આ સિદ્ધિનો શ્રેય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની નીતિઓ, દરિયાઈ સુધારાઓ અને પર્યાવરણ અનુકૂળ જહાજ પુનર્ચક્રણ વ્યવસ્થાને આપ્યો છે.




## સ્વદેશી ક્રૂઝ મિસાઈલનું પરીક્ષણ

રક્ષા અનુસંધાન અને વિકાસ સંગઠન (DRDO) દ્વારા 15મી જૂને ઓડિશાના તટ પર સ્થિત ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ દ્વીપથી સ્વદેશી લાંબા અંતરની સપાટી પરથી પ્રહાર કરવા સક્ષમ ક્રૂઝ મિસાઈલનું સફળ ઉડાન પરીક્ષણ કરવામાં આવ્યું હતું. મિસાઈલે પરીક્ષણ દરમિયાન તમામ નિર્ધારિત ઉદ્દેશ્યોને સફળતાપૂર્વક પૂર્ણ કર્યા હતા. આ સંપૂર્ણપણે સ્વદેશી રીતે વિકસિત ક્રૂઝ મિસાઈલ છે, જેની તમામ મુખ્ય ઉપ-પ્રણાલીઓ DRDO ની વિવિધ પ્રયોગશાળાઓ અને ભારતીય રક્ષા ઉદ્યોગના ભાગીદારો દ્વારા વિકસાવવામાં આવી છે. રક્ષા મંત્રી રાજનાથ સિંહે LRLACM (લોંગ રેન્જ લેન્ડ એટેક ક્રૂઝ મિસાઈલ) ના સફળ ઉડાન પરીક્ષણ પર DRDO ના વૈજ્ઞાનિકો, એન્જિનિયરો અને તમામ રક્ષા ઉદ્યોગ ભાગીદારોને અભિનંદન પાઠવ્યા છે.

## ભારતે સંરક્ષણ ઉત્પાદનના નવા શિખરને સ્પર્શ કર્યો

વિકસિત ભારત 2047નું લક્ષ્ય દેશને આત્મનિર્ભર બનાવવું, 'મેક ઇન ઈન્ડિયા'ને પ્રોત્સાહન આપવું અને ભારતમાં ઉત્પાદન વધારવાનું છે. વિકસિત ભારત 2047ના સંકલ્પ અને પ્રાથમિકતાઓમાં આત્મનિર્ભર ભારત, મેક ઇન ઇન્ડિયા અને ઉત્પાદન ક્ષેત્રમાં વૃદ્ધિનો સમાવેશ થાય છે. આ સંજોગોમાં, સંરક્ષણ ક્ષેત્રના ઉત્પાદનમાં સતત વધારાએ આત્મનિર્ભરતા તરફ મજબૂત કદમ ઉઠાવ્યું છે. નાણાકીય વર્ષ 2025-26માં સંરક્ષણ ઉત્પાદન 1.78 લાખ કરોડ રૂપિયાના રેકોર્ડ સ્તરે પહોંચી ગયું છે.





## દેવભૂમિની લીચી ઈટાલી તો

## તેજપૂરીની લીચી દુબઈની પસંદ

ભારત માત્ર કૃષિને જ પ્રોત્સાહન નથી આપી રહ્યું, પરંતુ ખેડૂતોને સશક્ત બનાવવાની સાથે સાથે ભારતીય કૃષિ ઉત્પાદનોને વૈશ્વિક બજારો સુધી પહોંચાડવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. આ જ કારણ છે કે દેવભૂમિ ઉત્તરાખંડની પ્રીમિયમ લીચી ઈટાલીમાં, તો આસામની જીઆઈ (GI) ટેગ પ્રાપ્ત તેજપૂરીની લીચી દુબઈના બજારોમાં પહોંચી રહી છે. દેહરાદૂનની લીચી તેની અનોખી મીઠાશ, આકર્ષક લાલ રંગ, સોડમભરી સુગંધ અને ઉત્તમ ગર (પલ્પ)ની ગુણવત્તા માટે વ્યાપકપણે જાણીતી છે.

એગ્રીકલ્ચરલ એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી (APEDA) એ ઉત્તરાખંડની એક મેટ્રિક ટન લીચીની પ્રથમ ખેપ ઈટાલી મોકલવામાં મદદ કરી. આ યુરોપિયન બજારમાં માત્ર ઉત્તરાખંડની પ્રીમિયમ લીચીના પ્રવેશને જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય બજારમાં ભારતીય ફળોની ઉપસ્થિતિને પણ મજબૂત કરશે.

## નાફેડ (NAFED) દ્વારા ચાર નવી પહેલ..

## ઈ-ઓક્શન પોર્ટલ NAFEX.in લોન્ચ કર્યું

સરકારના 'સહકાર સે સમૃદ્ધિ'ના મંત્રની અસર નેશનલ એગ્રીકલ્ચરલ કોઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (NAFED) માં પણ જોવા મળી રહી છે. નાફેડમાં પારદર્શિતા વધારવા અને ખેડૂતોના કલ્યાણ માટે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે જૂન મહિનાના છેલ્લા પખવાડિયામાં એકસાથે NAFEX.in, દ્રષ્ટિ (DRISHTI), ERP અને NAFED કલ્યાણ પહેલની શરૂઆત કરી હતી.

કેન્દ્રીય સહકાર મંત્રીએ જણાવ્યું હતું કે NAFEX.in સહિતની અન્ય પહેલો ખૂબ જ મહત્વપૂર્ણ છે કેમ કે વર્ષ 2014માં નાફેડ બંધ થવાની આરે હતું  પરંતુ આજે સરકારના પ્રયાસોને કારણે નાફેડ 30 હજાર કરોડ રૂપિયાના ટર્નઓવર અને 500 કરોડ રૂપિયાના નફા સાથે 74 લાખ ખેડૂતોની સેવા કરી રહ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોમાં સરકારે કઠોળ, મકાઈ અને અન્ય ઉત્પાદનોની સીધી ખરીદી માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કર્યું છે.

સરકારે નાફેડ અને NCCF ને નિર્દેશ આપ્યો છે કે આગામી બે વર્ષમાં ખેડૂતોના તમામ કઠોળ ઉત્પાદનોની સીધી ખરીદી કરવામાં આવે, વચેટિયાઓની આખી સિસ્ટમ નાબૂદ કરવામાં આવે અને ખેડૂતોના ખાતામાં તેમના નાણાંની ચૂકવણી સુનિશ્ચિત કરવામાં આવે. નાફેડે તેના નફાનો 1% હિસ્સો ખેડૂત પરિવારોના બાળકોના ઉચ્ચ શિક્ષણ અને કરિયરના વિકાસ માટે શિષ્યવૃત્તિ તરીકે આપવાનો નિર્ણય લીધો છે.

## નોન-ડોમેસ્ટિક (બિન-ઘરેલું) પેક્ડ એલપીજીનો પુરવઠો સામાન્ય, પ્રાદેશિક પ્રતિબંધો હટાવવામાં આવ્યા


કેન્દ્ર સરકારે ઉદ્યોગો અને વેપારીઓને રાહત આપતા બિન-ઘરેલું (નોન-ડોમેસ્ટિક) કમર્શિયલ એલપીજીના પુરવઠાને પશ્ચિમ એશિયા સંકટ અગાઉના સ્તર પર પુનઃસ્થાપિત કરી દીધો છે. આ શ્રેણીના એલપીજી પુરવઠા પર લાદવામાં આવેલા તમામ પ્રાદેશિક પ્રતિબંધો હટાવી લેવામાં આવ્યા છે.

આ ઉપરાંત સંકટ દરમિયાન સ્થગિત કરવામાં આવેલી જથ્થાબંધ એલપીજી સપ્લાયને પણ સંકટ-પૂર્વેના વપરાશના 50 ટકા સુધી પુનઃસ્થાપિત કરવામાં આવી છે. આ નિર્ણય એલપીજી પુરવઠામાં થયેલા સુધારા બાદ લેવામાં આવ્યો છે. એલપીજી ઉત્પાદન અને આયાતી કાર્ગોની બહેતર ઉપલબ્ધતાને જોતા, એલપીજી પૂલમાં C3-C4 સ્ટ્રીમના પરિવર્તનને ઘટાડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે, એ સુનિશ્ચિત કરવામાં આવશે કે ઘરેલું એલપીજીની ઉપલબ્ધતા પ્રભાવિત ન થાય અને કુલ ઉત્પાદન પ્રતિદિન ઓછામાં ઓછું 40 ટીએમટી (TMT) જળવાઈ રહે.

તેલ માર્કેટિંગ કંપનીઓને ઔદ્યોગિક અને વ્યાવસાયિક ગ્રાહકોનો સમગ્ર ડેટા રાખવા તથા રાજ્યોને સુધારેલી વ્યવસ્થાનો અસરકારક અમલ સુનિશ્ચિત કરવાના નિર્દેશ આપવામાં આવ્યા છે. સરકારે પીએનજી (PNG) ના વિસ્તાર અને પાત્ર ગ્રાહકોને તબક્કાવાર રીતે પીએનજી સાથે જોડવાની પ્રતિબદ્ધતા પણ દોહરાવી છે. ■

# ભારતમાં ચિકિત્સા શિક્ષણનો અભ્યાસ કરીને પ્રેક્ટિસ કરનારી પ્રથમ મહિલા

*નારી સશક્તિકરણનું અનન્ય પ્રતીક, ડૉ. કાદમ્બિની ગાંગુલી કલકત્તા યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવનારા પ્રથમ મહિલા હતાં. પોતાની દ્રઢ ઈચ્છાશક્તિ, લગન અને સમર્પણ ભાવના પરિણામસ્વરૂપ તેઓ માત્ર ભારતની જ નહીં, પરંતુ સમગ્ર દક્ષિણ એશિયાની પ્રથમ મહિલા ચિકિત્સક બન્યાં હતાં. એટલું જ નહીં, તેમણે કોલસાની ખાણોમાં કામ કરતી મહિલાઓનું જીવન સુધારવા માટે પણ ઘણું કામ કર્યું. સફળ ચિકિત્સક, સ્વાતંત્ર્ય સેનાની અને પ્રસિદ્ધ સમાજ સુધારક ડૉ. કાદમ્બિની ગાંગુલી વિપરીત પરિસ્થિતિઓમાં પણ આગળ વધવાનો જુસ્સો રાખતી કરોડો મહિલાઓ માટે એક આદર્શ પ્રેરણાસ્રોત છે...*



**જન્મઃ 18 જુલાઈ 1861 ■ મૃત્યુઃ 3 ઓક્ટોબર 1923**

સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન મહિલા શિક્ષણને આગળ વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવનાર કાદમ્બિનીનો જન્મ 18 જુલાઈ 1861ના રોજ ભાગલપુરમાં થયો હતો. ગાંગુલીનો શાળામાં પ્રવેશ એવા સમયે થયો હતો જ્યારે છોકરીઓને શિક્ષિત કરવા વિશે વિચારવું સામાન્ય વાત નહોતી. તેમણે આ તકનો ભરપૂર લાભ ઉઠાવ્યો અને 1883માં તેઓ ભારતીય બ્રિટિશ રાજમાં સ્નાતક થનારા પ્રથમ મહિલા બન્યા. કાદમ્બિનીએ ભારતમાં મહિલાઓને ઘરની બહાર નીકળીને નોકરી કરવા અને આત્મનિર્ભર બનવા માટે ખૂબ પ્રેરિત કર્યા હતા.

સ્નાતક થયા બાદ તરત જ તેમણે સામાજિક કાર્યકર અને મહિલાઓના સશક્તિકરણ માટે કામ કરનારા પ્રોફેસર દ્વારકાનાથ ગાંગુલી સાથે લગ્ન કરી લીધા, જેમણે તેમને મેડિકલ ડિગ્રી મેળવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. કાદમ્બિની ગાંગુલીએ તમામ અવરોધો છતાં પોતાના ક્ષેત્રોમાં શાનદાર સિદ્ધિ પ્રાપ્ત કરી. શરૂઆતની નિષ્ફળતાઓ બાદ આખરે તેમણે કલકત્તા મેડિકલ કોલેજમાં પ્રવેશ લીધો અને વર્ષ 1886માં ફરી એક વાર ઈતિહાસ રચ્યો.

તેમણે સ્નાતકની પદવી મેળવી અને ભારતમાં શિક્ષિત ડૉક્ટર બનનારી પ્રથમ મહિલા બની ગયાં. ત્યારબાદ તેઓ વિદેશ ગયાં. ગ્લાસગો અને એડિનબર્ગ યુનિવર્સિટીઓમાંથી તબીબી ક્ષેત્રની ઉચ્ચ ડિગ્રીઓ પ્રાપ્ત કરી. તેમણે બ્રિટનમાં કામ અને અભ્યાસ કરીને સ્ત્રી રોગ નિષ્ણાત તરીકે વિશેષતા હાંસલ કરી. સાથે સાથે જ તેમણે વધુ ત્રણ ડિગ્રી પણ પ્રાપ્ત કરી. ત્યારબાદ 1890ના દાયકામાં તેઓ ભારત પાછા ફર્યાં અને ખાનગી પ્રેક્ટિસ શરૂ કરી.

કાદમ્બિની ગાંગુલી મેડિકલ સેવાઓની સાથે મહિલાઓના અધિકારોની માંગણી માટે પણ સક્રિય રહ્યાં. તેમણે અન્ય છ લોકો સાથે મળીને 1889માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનું પ્રથમ મહિલા પ્રતિનિધિમંડળ બનાવ્યું હતું. તેમણે ભારતના સ્વતંત્રતા આંદોલનમાં સક્રિયપણે ભાગ લીધો. તેમનામાં દેશભક્તિની ભાવના જગાડવામાં બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયની રચનાઓનો મોટો ફાળો રહ્યો હતો. એક ડૉક્ટર અને આઠ બાળકોની માતા હોવા છતાં, કાદમ્બિનીનું વ્યસ્ત જીવન તેમને ભારતના મહિલા અધિકાર આંદોલનમાં ભૂમિકા ભજવતા રોકી શક્યું નહીં.

કાદમ્બિની ગાંગુલી હંમેશા મહિલાઓની સ્વતંત્રતા પર એવા સમયે ભાર મૂકતી રહી જ્યારે સમાજમાં બાળ લગ્ન અને સતી જેવી પ્રથાઓ પ્રવર્તમાન હતી. તેમણે સમાજ સુધારણા આંદોલનોમાં સક્રિયપણે ભાગ લીધો હતો. તે અન્ય ઘણા આંદોલનોમાં પણ ખૂબ જ સક્રિય રહ્યાં હતાં. તેમણે કોલસાની ખાણની મહિલા કામદારો માટે કામ કર્યું હતું. 1898માં પતિના અવસાન બાદ તેમણે જીવનના અંતિમ સમય સુધી કોલકાતામાં ચિકિત્સક (ડૉક્ટર) તરીકે કામ કર્યું હતું. 1923ની ત્રીજી ઓક્ટોબરે તેમનું અવસાન થયું હતું. ■



# ‘પ્રગતિ’ ઊર્જા, ઉદ્યોગ અને પરિવહનને ગતિ મળી

*મૂળભૂત ઢાંચામાં ગતિ, ટેકનિકથી જન-કલ્યાણ અને સુરક્ષિત ડિજિટલ ભારતના સંકલ્પ સાથે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ‘પ્રગતિ’ની 52મી બેઠકની અધ્યક્ષતા કરી. બેઠકમાં 30 હજાર કરોડ રૂપિયાથી વધુની પરિયોજનાઓની સમીક્ષા કરવામાં આવી. અત્યાર સુધીમાં પ્રગતિ મંચ પર 85 લાખ કરોડ રૂપિયાથી વધુની પરિયોજનાઓની સમીક્ષા કરાઈ ચૂકી છે. બેઠકમાં પીએમ ગતિશક્તિ પોર્ટલને અપડેટ રાખવા, સ્વાસ્થ્ય ક્ષેત્રમાં એઆઈના ઉપયોગ અને સાયબર છેતરપિંડીની સામે ઈ-ઝીરો એફઆઈઆર વ્યવસ્થા લાગુ કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો...*

બેઠક દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ચાર વિભિન્ન રાજ્યોમાં ફેલાયેલી ચાર મહત્વપૂર્ણ મૂળભૂત માળખાકીય પરિયોજનાઓની પ્રગતિનું મુલ્યાંકન કર્યું. લગભગ 30 હજાર કરોડ રૂપિયાના સંયુક્ત રોકાણ ધરાવતી આ પરિયોજનાઓ રસ્તા, વિજળી, ઔદ્યોગિક કોરિડોર અને મેટ્રો રેલ જેવા ક્ષેત્રો સાથે સબંધિત છે. આર્થિક વિકાસ, ક્ષેત્રિય સંપર્ક, ઔદ્યોગિક પ્રગતિ અને જન કલ્યાણની દ્રષ્ટિએ આ પરિયોજનાઓને અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. સમીક્ષા દરમિયાન એજન્સીઓની વચ્ચે વધુ સારા તાલમેલ, સમય મર્યાદાનું પાલન અને વાસ્તવિક રીતે આવી રહેલી સમસ્યાઓના ત્વરિત નિવારણ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું.

પીએમ મોદીએ કહ્યું કે પરિયોજનાઓમાં થનારો વિલંબ તેના નિર્માણના ખર્ચને જ નથી વધારી દેતો પરંતુ દેશની જનતા અને ઉદ્યોગોને તેમના સમયે મળનારા લાભોથી પણ વંચિત કરી દે છે. આ સ્થિતિનો સામનો કરવા માટે તેમણે સબંધિત કેન્દ્રીય મંત્રાલયો અને રાજ્ય સરકારોને સ્પષ્ટ નિર્દેશ આપ્યા કે તેઓ તમામ પડતર મુદ્દાના ‘મિશન મોડ’માં સમાધાન કરે.

### પીએમ ગતિશક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાનનો પ્રભાવી ઉપયોગ

પ્રધાનમંત્રીએ ‘પીએમ ગતિશક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાન’ના ઉપયોગ પર વિશેષ ભાર આપ્યો. તેમણે પરિયોજનાઓના વિવરણ, ઉપયોગિતાઓ, તેના આનુસંગિક મુદ્દાઓ, સ્વિકૃતિઓ, અવસંરચના અને અન્ય ક્ષેત્રિય માહિતીઓને પોર્ટલ પર નિયમિત તેમ જ વખતો વખત અપડેટ કરવાની આવશ્યકતા પર ભાર મૂક્યો.

### ટીબી મુક્ત ભારત અભિયાનમાં એઆઈ ટેકનિક

આરોગ્ય ક્ષેત્રમાં એક મોટું પગલું ભરતા પ્રધાનમંત્રી મોદીએ ‘ટીબી મુક્ત ભારત અભિયાન’ની વર્તમાન સ્થિતિની સમીક્ષા કરી. આ બીમારીના નિકાલ માટે કૃત્રિમ બુદ્ધિમત્તા (એઆઈ) સહિત નવીનતમ ડિજિટલ પ્રૌદ્યોગિકિયોના ઉપયોગ પર ખાસ ભાર મૂક્યો. એનસીસી કેડેટ્સ અને ‘માય ભારત’ સ્વયંસેવકોની વિશેષ ટીમ ગઠિત કરવાનું સૂચન પણ આપવામાં આવ્યું છે.

### સાયબર અપરાધ સામે સખત વલણ

વર્તમાન પડકારોને ધ્યાનમાં રાખતાં સાયબર અપરાધ અને ‘ડિજિટલ અરેસ્ટ’ને લગતી ફરિયાદોની પણ ગંભીરતાથી સમીક્ષા કરવામાં આવી. ડિજિટલ મંચોના વધતા દુરૂપયોગ પર ગંભીર ચિંતા વ્યક્ત કરાઈ. તેમણે કહ્યુ કે આવા સંવેદનશીલ મામલામાં તમામ સબંધિત સુરક્ષા અને પ્રશાસનિક એજન્સીઓ દ્વારા સમન્વિત, સંવેદનશીલ અને સમયબદ્ધ રીતે ઉકેલ લાવવો જોઈએ.

સાયબર છેતરપિંડી પર લગામ કસવા માટે સ્પષ્ટ જવાબદાર, ત્વરિત પ્રતિક્રિયા અને કાનૂન પ્રવર્તન એજન્સીઓ, બેંકો તેમ જ ડિજિટલ મંચોની વચ્ચે એક સુદ્રઢ સમન્વય પ્રણાલી સ્થાપિત કરવાની વાત કહેવામાં આવી છે. તમામ રાજ્યોને નિર્દેશ અપાયો છે કે તેઓ સાયબર નાણાંકીય છેતરપિંડીના મામલાઓમાં ત્વરિત નોંધણી અને પ્રતિક્રિયા સુનિશ્ચિત કરવા માટે ‘ ઈ-ઝીરો એફઆઈઆર’ ને અનિવાર્ય રૂપે લાગુ કરવાની દીશામાં ઝડપથી કાર્ય કરે. ■




# નેશન ફર્સ્ટ

## ભારતનો સૌથી મોટો મંત્ર

***ભારત માત્ર ઝડપથી વૃદ્ધિ પામતી જ નહીં પરંતુ એક વિશ્વાસપાત્ર અર્થવ્યવસ્થા પણ છે. કેન્દ્ર સરકારની નીતિઓને કારણે ભારતમાં રોકાણકારોનો વિશ્વાસ મજબૂત બન્યો છે, જેની મોટા પાયે સકારાત્મક અસર જોવા મળી રહી છે. એવા સમયગાળામાં રિપબ્લિક સમિટ-2026માં 'ગ્રેટ પાવર ઈન્ડિયાઃ નેશન ફર્સ્ટ' વિષય પર ચર્ચા આયોજિત કરાઈ, જેને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંબોધન કર્યું...***

રાષ્ટ્ર સર્વોપરિની ભાવના જ છેલ્લા એક દાયકાથી ભારતની સિદ્ધિઓ અને વિશ્વાસપાત્ર શક્તિના રૂપમાં ઊભરવાનો મુખ્ય આધાર રહ્યો છે. ભારતનો ઉદય વિશ્વાસ, સ્થિરતા અને વ્યાપક વૈશ્વિક ભલાઈ પર ટક્યો છે. જેને કારણે જ ભારત માત્ર ઝડપથી વધતી અર્થવ્યવસ્થાના રૂપે જ ઊભરી નથી રહ્યું પરંતુ એક વિશ્વસનીય અને વિશ્વાસપાત્ર ભાગીદાર તરીકે પણ સામે આવ્યું છે.

જી-7 સમિટમાં પોતાની ભાગીદારીને યાદ કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે વિશ્વભરના નેતા 'રાષ્ટ્ર પ્રથમ'ના સિદ્ધાંત પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાને સ્વિકારે છે, પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે સ્વચ્છ ભારત, મેકઈન ઈન્ડિયા, ખાદીને પ્રોત્સાહન આપવા

## કર-મુક્ત આવકની મર્યાદા વધારાઈ

મધ્યમ વર્ગને ફાયદો પહોંચાડવાના આશયથી આર્થિક સુધારા કરાયા. આ શ્રેણીમાં કર-મુક્ત આવકની મર્યાદા વધી છે. લોકોની ખર્ચ કરવાની લાયક આવકમાં વધારો થયો છે. તકનીકી આધારિત ઓનલાઈન ફાઈલિંગ વ્યવસ્થા અને ફેસલેસ એસેસમેન્ટ મિકેનિઝમ જેવા સુધારાઓ દ્વારા કર વ્યવસ્થાને સરળ બનાવાઈ છે.

## વિકાસ યાત્રાએ આશા વધારી

ભારતની વિકાસ યાત્રાએ વધતી આશાનો માહોલ બનાવ્યો છે, જેનાથી લોકો વધુ સારા ઈન્ફ્રાસ્ટ્રકચર, ત્વરિત સેવાઓ અને જીવનનું વધુ સારું સ્તર ઈચ્છે છે. આ આશાઓ દેશના ભવિષ્યમાં ભરોસાનો સકારાત્મક સંકેત છે અને નાગરિકોનો આ વિશ્વાસ બતાવે છે કે પ્રગતિ શક્ય છે.

***જીએસટી રિફોર્મને કારણે પણ મિડલ ક્લાસ વર્ગને ખૂબ જ સુવિધા મળી છે. ટેક્સ ફાઈલિંગનો સમય અને ખર્ચો પણ બચી ગયો છે કેમ કે આ ખૂબ જ આસાન થઈ ગયું છે. ઘરે બેઠા જ આઈટીઆર ફાઈલ થઈ રહ્યા છે, જો કોઈ સેટલમેન્ટની સમસ્યા હોય તો તે ફેસલેસ થઈ રહ્યું છે.***

***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***



## નવી તકોનો લાભ

ઝડપથી બદલાતા વૈશ્વિક માહોલમાં નવી તકોનો ફાયદો ઊઠાવવામાં ભારતના યુવા, ઉદ્યમી, ઈનોવેટર અને સ્ટાર્ટઅપ સૌથી આગળ છે. 'રાષ્ટ્ર પ્રથમ'ના સિદ્ધાંત પર ચાલતા સુધારા, નવાચાર અને નાગરિકો પર કેન્દ્રીત શાસન માટે સરકાર પ્રતિબદ્ધ છે.

અને સ્થાનિક ઉત્પાદનોના અભિયાન જેવી મોટી રાષ્ટ્રીય પહેલો એટલે સફળ રહી છે કેમ કે નાગરિકોએ 'રાષ્ટ્ર પ્રથમ'ની ભાવનાને અપનાવી. જે વિસ્તારો ક્યારેક હિંસા અને પછાતપણાથી ઝઝૂમી રહ્યા હતા ત્યાં હવે વિકાસના કામ થઈ રહ્યા છે. 'બસ્તર ઓલિમ્પિક'ની વધતી સફળતા એ વાતનો પુરાવો છે કે આ વિસ્તારમાં ક્યારેક જે ડર અને અનિશ્ચિતતા હતા તેની જગ્યા હવે યુવાઓની આશાઓ અને હુન્નરે લઈ લીધી છે.

દેશ નિરાશાના તબક્કામાંથી બહાર નીકળીને આત્મવિશ્વાસ અને અવસરોના સમયગાળામાં આવી ગયો છે. 'બદલાવ શક્ય છે' નો ભરોસો ભારતની સૌથી મોટી તાકાત પૈકીની એક બની ગઈ છે. આકાંક્ષી જિલ્લા અને આકાંક્ષી બ્લોક કાર્યક્રમે દેશના કેટલાક સૌથી પછાત વિસ્તારોના વિકાસનું એન્જિન બનાવી દીધું છે. આ પ્રયાસોએ લાખો નાગરિકોના જીવન સ્તરને વધુ સારા બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી છે. વિકાસનો ફાયદો માત્ર એ લોકો સુધી જ સિમિત નથી રહેતો જેમને સીધા લાભ મળે છે. હાલના વર્ષોમાં લગભગ 25 કરોડ લોકોને ગરીબીમાંથી બહાર લાવવા અને એક મોટા નવા મધ્યમ વર્ગથી ઊભરવાથી આર્થિક ગતિવિધિયોને મજબૂતી મળી છે.

કેન્દ્ર સરકાર બદલાવની સફરમાં લોકોની સાથે મજબૂતીથી ઊભી છે. આ ગતિથી વિકાસના માર્ગો પર આગળ ધપી રહ્યા છે. આ ગતિ આવનારા સમયમાં વધુ મજબૂત થતી જશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે 140 કરોડ ભારતીયોના સામૂહિક પ્રયાસો અને આકાંક્ષાઓથી 'વિકસિત ભારત'નું સ્વપ્ન સાકાર થશે.


પ્રધાનમંત્રીનો પૂરો કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.

નવી રાષ્ટ્રીય
શિક્ષા નીતિના
6 વર્ષ

# યુવા શક્તિ

## વિકસિત ભારતનો આધાર






श्रियः प्रदुग्धे विपदो रुणद्धि, यशांसि सूते मलिनं प्रमार्ष्टि।
संस्कारशौचेन परं पुनीते, शुद्धा हि बुद्धिः किल कामधेनुः॥

**અર્થાત, શિક્ષણ એ માત્ર આજીવિકાનું સાધન નથી, પરંતુ જીવનને શ્રેષ્ઠ બનાવવાનું એક સશક્ત માધ્યમ પણ છે. આ એ જ અમૂલ્ય મૂડી છે, જેના દ્વારા આજે યુવા શક્તિ દરેક ક્ષેત્રમાં નવા-નવા કીર્તિમાન સ્થાપિત કરીને દેશનું નામ રોશન કરી રહી છે. આ વિચારને સંકલ્પ બનાવીને ભારતના નવનિર્માણ તરફ આગળ વધી રહેલી કેન્દ્ર સરકારે વીતેલા 12 વર્ષમાં શિક્ષણની સાથે સાથે કૌશલ્ય વિકાસ (સ્કીલ ડેવલપમેન્ટ), ઉદ્યોગ સાહસિકતા (આંત્રપ્રેન્યોરશિપ), રમતગમત, આરોગ્ય અને જનભાગીદારી જેવા ક્ષેત્રોમાં યુવા-કેન્દ્રિત પહેલ શરૂ કરી છે. તેનું જ પરિણામ છે કે છ વર્ષ અગાઉ 29મી જુલાઈના રોજ ત્રણ દાયકા પછી આવેલી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 (NEP-2020) થી શિક્ષણ સુધીની પહોંચ વધી, ઉચ્ચ શિક્ષણનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત થયું, તેમ જ કૌશલ્ય વિકાસ અને રોજગારીની તકો વધી. સ્ટાર્ટઅપ સિસ્ટમ, ડિજિટલ પ્લેટફોર્મ, સમાવેશી વિચારસરણી અને ભાગીદારીના માધ્યમથી યુવાનો હવે 'અમૃત પેઢી' તરીકે વિકસિત ભારતના સંકલ્પને સિદ્ધ કરવાના સારથી બન્યા છે...**

***ભારતના લોકો પણ યુવાન છે,***
***અને ભારતનું મન પણ યુવાન છે.***
***ભારત પોતાના સામર્થ્યથી પણ યુવાન છે,***
***ભારત પોતાના સપનાઓથી પણ યુવાન છે.***
***ભારત પોતાના ચિંતનથી પણ યુવાન છે,***
***ભારત પોતાની ચેતનાથી પણ યુવાન છે.***

આ જ વિશેષતાઓને કારણે આજે દુનિયા ભારતને એક આશા અને વિશ્વાસની નજરે નિહાળે છે. ભારત યુવાન છે કારણ કે ભારતની દ્રષ્ટિએ હંમેશા આધુનિકતાનો સ્વીકાર કર્યો છે, ભારતના દર્શને પરિવર્તનને અપનાવ્યું છે. જન-જનથી જગતની યાત્રા હોય કે સેવા-સમર્પણનો માર્ગ હોય, પરિવર્તનની દિશા હોય કે પરાક્રમનો પરિચય હોય, સહયોગ હોય કે સુધારા હોય, ભારતના યુવાનોએ પોતાની એક નવી ઓળખ બનાવી છે કારણ કે તેમનું લક્ષ્ય હવે આકાશ છે જે 'કેન ડુ સ્પિરિટ' અને 'વિલ ડુ એપ્રોચ' માં વિશ્વાસ ધરાવે છે. આ દ્રષ્ટિકોણથી આજે રાષ્ટ્ર નવી તકો આપી રહ્યું છે. 29મી જુલાઈ 2020 ના રોજ દેશની સામે આવેલી નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતને જ્ઞાનનું ગ્લોબલ હબ બનાવવાનો છે. આ સાથે જ રાષ્ટ્રીય યુવા નીતિ દ્વારા યુવાનોને અમૃત કાળ તરફ લઈ જવાના સતત પ્રયાસો થઈ રહ્યા છે. આ અંતર્ગત યુવાનોને આધુનિક કૌશલ્ય અને ડિજિટલ ટેક્નોલોજી સાથે જોડવામાં આવી રહ્યા છે, તો બીજી તરફ દેશમાં સ્ટાર્ટઅપથી લઈને યુનિકોર્ન બનાવવાની સંસ્કૃતિને પ્રોત્સાહન મળી રહ્યું છે. એટલું જ નહીં, સેના સહિત અન્ય ક્ષેત્રોમાં યુવાનો માટે નવી તકો તૈયાર કરવામાં આવી રહી છે, રોજગાર અને સ્વરોજગારની પહેલોને જમીની સ્તરે ઉતારવામાં આવી રહી છે. રમતગમતને કારકિર્દી સાથે જોડીને સમાજની વિચારસરણી બદલવાનું એક મોટું અભિયાન ચાલી રહ્યું છે. 'અમૃત પેઢી' તરીકે ઓળખાતી આ યુવા શક્તિ ભારતની વિકાસ યાત્રાનું પ્રેરક બળ બની ગઈ છે, જે આત્મનિર્ભર અને વિકસિત રાષ્ટ્રના સંકલ્પ સાથે અમૃત કાળમાં દેશને એક નવી ઊંચાઈ પર લઈ જશે. જો કોઈ સરકાર સુધારાવાદી પગલાં ભરે છે, તો યુવાનો તેના પરિણામો લાવીને બતાવે છે. સરકાર અને યુવાનો વચ્ચેની આ ભાગીદારી દેશના સંકલ્પોને નવી ઉડાન આપી રહી છે.

### શિક્ષણનું ગ્લોબલ હબ બની રહ્યું છે ભારત

કોઈ પણ દેશ સમગ્ર વિશ્વમાં શિક્ષણ અને પોતાની શિક્ષણ

# શિક્ષણ પ્રત્યે અભિગમ બદલાયો...

## ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત થઈ રહ્યું છે

વીતેલા 12 વર્ષમાં કેન્દ્ર સરકારે શિક્ષણ માટે જ્યાં એક તરફ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂતી આપી છે, ત્યાં જ આ શ્રેણીમાં ત્રણ દાયકા પછી નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020 લાગુ કરવામાં આવી. શિક્ષણના પાયા તરીકે શાળાકીય શિક્ષણને એનઈપીને અનુરૂપ પ્રી-પ્રાયમરીથી લઈને સિનિયર સેકન્ડરી સ્તર સુધી આધુનિક સ્વરૂપ આપવામાં આવ્યું છે. એનઈપી 2020ને તબક્કાવાર રીતે લાગુ કરવામાં આવી રહી છે, જેની શરૂઆતને છ વર્ષ પૂર્ણ થઈ ગયા છે અને હવે તે સાતમા વર્ષમાં પ્રવેશ કરી રહી છે...


## દુનિયાની સૌથી મોટી સ્કૂલ વ્યવસ્થા અને બીજું સૌથી મોટું ઉચ્ચ શિક્ષણ નેટવર્ક

**24.69** કરોડ વિદ્યાર્થીઓ

**14.71** લાખ શાળાઓ

**1.01** કરોડથી વધુ શિક્ષકો

**ઉચ્ચ શિક્ષણમાં વિદ્યાર્થીઓની નોંધણી**




QS રેન્કિંગ 2026 ના પ્રતિનિધિત્વમાં દુનિયામાં **ચોથા સ્થાને**

- 1.49+ લાખ શાળાઓને આઈસીટી અને ડિજિટલ પહેલના દાયરામાં લાવવામાં આવી.
- 1.76+ લાખ સ્માર્ટ ક્લાસરૂમને મંજૂરી.
- વર્ષ 2025-26 સુધીમાં 1.79 લાખ આઈસીટી પ્રયોગશાળાઓને મંજૂરી.





## ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ સુધી પહોંચ સરળ બની

| સંસ્થાન | 2014 | 2025 | વૃદ્ધિ (%) |
|---|---|---|---|
| આઈઆઈટી | 16 | 23 | 44 |
| આઈઆઈએમ | 13 | 22 | 69 |
| એમ્સ | 7 | 23 | 228 |
| આઈઆઈઆઈટી | 9 | 25 | 178 |
| આઈઆઈએસઈઆર | 5 | 7 | 40 |
| યુનિવર્સિટી | 760 | 1330 | 75 |
| કોલેજ | 38,500 | 52,000 | 35 |
| મેડિકલ કોલેજ | 431 | 818 | 93 |
| એમબીબીએસ બેઠક | 51,348 | 1,28,926 | 151 |
| મેડિકલ પીજી બેઠક | 31,185 | 85,822 | 175 |

**“વિશ્વએ આ વાતનો સ્વીકાર કર્યો છે કે આજે ભારત પાસે બે અસીમ શક્તિઓ છે - એક ડેમોગ્રાફી અને બીજી ડેમોક્રેસી. જે દેશ પાસે જેટલી વધુ યુવા વસ્તી છે, તેના સામર્થ્યને એટલું જ મોટું અને સંભાવનાઓને એટલી જ વ્યાપક માનવામાં આવે છે. પરંતુ ભારતના યુવાનો પાસે ડેમોગ્રાફિક ડિવિડન્ડની સાથે-સાથે લોકતાંત્રિક મૂલ્યો પણ છે, તેમનું ડેમોક્રેટિક ડિવિડન્ડ પણ અતુલનીય છે. ભારત પોતાના યુવાનોને ડેવલપમેન્ટ ડ્રાઈવર પણ માને છે.”**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

નીતિઓના કારણે ઓળખાય છે. કેન્દ્ર સરકારે વૈશ્વિક સ્તરના શિક્ષણનું સર્જન કર્યું છે, જેનાથી દેશનો યુવાન સશક્ત બની રહ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી છ વર્ષ અગાઉ બહેતર નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ લઈને આવ્યા, જેનાથી શિક્ષણના ક્ષેત્રમાં ક્રાંતિકારી પરિવર્તનો આવ્યા. તેમાં હવે અંગ્રેજી ભાષાનું ફરજિયાતપણું નથી. શિક્ષણ સુધી માત્ર પહોંચ જ નહીં, પરંતુ હવે ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરવું એ કેન્દ્ર સરકારનો સંકલ્પ બની ગયો છે. એટલા માટે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં પ્રાયમરી અને ઉચ્ચ શિક્ષણના સ્તર પર પ્રાદેશિક ભાષાઓમાં અભ્યાસ થઈ રહ્યો છે. એન્જિનિયરિંગ અને આઈટી જેવા ટેકનિકલ વિષયો હવે પાંચ પ્રાદેશિક ભાષાઓમાં ભણી શકાય છે. આનાથી માત્ર રજીસ્ટ્રેશન જ નહીં વધે, પરંતુ વૈશ્વિક વિચારસરણી સાથે સ્થાનિક સમસ્યાઓના ઉકેલ લાવવાની ક્ષમતા પણ વિદ્યાર્થીઓમાં વધશે.

યુવાનોથી સમૃદ્ધ દરેક દેશમાં ત્રણ બાબતો ખૂબ મહત્વ ધરાવે છે, જે યુવાનની સાચી ઓળખ બની જાય છે. પહેલી બાબત છે - આઈડિયાઝ અને ઈનોવેશન. બીજી છે - જોખમ લેવાનો જુસ્સો અને ત્રીજી છે - કેન ડૂ સ્પિરિટ એટલે કે કોઈ પણ કામને પૂરું કરવાની જીદ. પરિસ્થિતિઓ ભલે ગમે તેટલી વિપરીત કેમ ન હોય - જ્યારે આ ત્રણેય

## આવાસીય શાળાઓએ શિક્ષણ સુધી પહોંચ સરળ બનાવી...

- કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (કેજીબીવી).
- નેતાજી સુભાષ ચંદ્ર બોઝ આવાસીય વિદ્યાલય (એનએસસીબીએવી).
- પીએમ-જનમન અને ધરતી આબા જનજાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાન (ડીએજેજીયુએ) માં આદિવાસી સમુદાય માટે હોસ્ટેલ સુવિધા.

**499** એકલવ્ય મોડેલ આવાસીય વિદ્યાલયોમાં

**1.56** લાખ વિદ્યાર્થીઓ નામાંકિત




## ટેક્નોલોજી અને ઈનોવેશનથી ભવિષ્ય માટે તૈયાર થતા યુવાનો

**6+** કરોડ યુવાનો કૌશલ્ય વિકાસ પહેલના માધ્યમથી પ્રશિક્ષિત.

**1.6+** કરોડ યુવાનો પીએમકેવીવાય હેઠળ પ્રશિક્ષિત.




**2.19+** કરોડ નોંધણી My-Bharat પોર્ટલ પર

**1+** કરોડ વિદ્યાર્થીઓ અટલ ટિંકરિંગ લેબમાં પ્રશિક્ષિત.



- ઉભરતી તકનીકોમાં 16+ લાખ પરિયોજનાઓના વિકાસમાં મદદ મળી.

- 6.4+ કરોડ લોકો પીએમજીદિશા હેઠળ પ્રશિક્ષિત થયા.
- 6.1 કરોડથી વધુ નોંધણી ડિજિટલ 'સ્વયં' પ્લેટફોર્મ પર થયા, જ્યાં 18,580 કોર્સ ઉપલબ્ધ છે.
- 3.66 લાખથી વધુ ઈ-કન્ટેન્ટ સંસાધન 'દીક્ષા' માં 135 ભાષાઓમાં ઉપલબ્ધ.
- સ્વયંપ્રભા, પીએમ ઈ-વિદ્યા અને દીક્ષા ટેલિવિઝન, રેડિયો, ડિજિટલ કન્ટેન્ટ અને ઈ-સંસાધનો દ્વારા શીખવાની તકોને વધુ વધારી છે.
- 7,400 થી વધુ સંસ્થાઓએ ઉચ્ચ શિક્ષણના સ્તર પર 'વન નેશન વન સબ્સ્ક્રિપ્શન' પહેલથી શૈક્ષણિક અને સંશોધન સંસાધનો સુધી પહોંચ વધારી છે, જેના લાભાર્થીઓની સંખ્યા 1 કરોડની આસપાસ છે.



વસ્તુઓ પરસ્પર મળે છે ત્યારે અભૂતપૂર્વ પરિણામો મળે છે. આમાં શિક્ષણનું મહત્વપૂર્ણ યોગદાન છે. આ જ કારણ છે કે લગભગ ત્રણ દાયકાની પ્રતીક્ષા પછી 2020ની 29મી જુલાઈના રોજ ભારતને એક એવી નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ મળી, જે ભારતને જ્ઞાનનું વૈશ્વિક કેન્દ્ર બનાવવાની દિશામાં આગળ વધી રહી છે. આનો ઉદ્દેશ્ય 21મી સદીની જરૂરિયાતોને અનુરૂપ શાળા અને કોલેજ શિક્ષણને વધુ વ્યાપક, ફ્લેક્સિબલ બનાવવાનો છે જેથી ભારતને એક જ્ઞાન આધારિત જીવંત સમાજ અને જ્ઞાનની વૈશ્વિક મહાશક્તિમાં બદલીને અદ્વિતીય ક્ષમતાઓનો વિકાસ કરી શકાય. વ્યાપક મંથનથી તૈયાર થયેલી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ વૈજ્ઞાનિક વિચારસરણી પર આધારિત છે, જેથી બાળકો પર ભણવાનું દબાણ ન રહે. આ જ હેતુથી બોર્ડ પરીક્ષાઓમાં ફેરફાર કરવામાં આવ્યા તેમ જ સંશોધન (રિસર્ચ) ને વધુ મહત્વ આપીને તેને ગામડાઓ સુધી પહોંચાડવાનું અનિવાર્ય કરવામાં આવ્યું. એટલું જ નહીં, માનવ સંસાધન વિકાસ મંત્રાલય પણ હવે શિક્ષણ મંત્રાલય તરીકે ઓળખાવા લાગ્યું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની વિદ્યાર્થીના હિતો માટેની નીતિઓથી દેશમાં મોટા ફેરફારો આવ્યા છે. આ અંતર્ગત એમ્સ, આઈઆઈટી, આઈઆઈએમ અને મેડિકલ કોલેજોની સંખ્યામાં રેકોર્ડબ્રેક વધારો થયો છે.

આજે ભારત, દુનિયાની સૌથી મોટી શાળાકીય શિક્ષણ વ્યવસ્થાઓ પૈકીની એક છે. દેશમાં 14.71 લાખ શાળાઓ છે, જેમાં અંદાજે 25 કરોડ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે અને એક કરોડથી વધુ શિક્ષકો ભણાવે છે. કેન્દ્ર સરકારે યુવાનો માટે ઉચ્ચ શિક્ષણ સાથે જોડાયેલા મૂળભૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વ્યૂહાત્મક વિસ્તાર કર્યો છે. શાળાકીય અને ઉચ્ચ શિક્ષણમાં નોંધણીના દરમાં ઝડપથી વધારો થયો છે.

# એનઈપી એ શિક્ષણમાં કર્યો સુધારો...

## બહેતર બની શૈક્ષણિક યાત્રા

**170**

વિશ્વવિદ્યાલયોએ નેશનલ ક્રેડિટ ફ્રેમવર્ક (એનસીઆરએફ) અપનાવ્યું, જે વિદ્યાર્થીઓને ક્રેડિટ જમા કરવાની સુવિધા આપે છે.

**2,469**

સંસ્થાઓ 'એકેડમિક બેંક ઓફ ક્રેડિટ્સ' (એબીસી) સાથે જોડાયા, 32 કરોડથી વધુ સ્ટુડન્ટ આઈડી જાહેર કરવામાં આવ્યા.

**15.48 કરોડ** થી વધુ વેરિફાઈડ ઓટોમેટેડ પરમેનન્ટ એકેડમિક એકાઉન્ટ રજીસ્ટ્રી એટલે કે 'અપાર આઈડી' 31 માર્ચ, 2026 સુધી બનાવવામાં આવ્યા.

**153**

વિશ્વવિદ્યાલયો હવે વર્ષમાં બે વાર એડમિશન અને મલ્ટિપલ એન્ટ્રી/એક્ઝિટ પોઈન્ટ સુવિધા આપે છે. વર્ષ 2035 સુધીમાં ઉચ્ચ શિક્ષણમાં 50 ટકા ગ્રોસ એનરોલમેન્ટ રેશિયોનું લક્ષ્ય પ્રાપ્ત કરવાની દિશામાં આ એક મહત્વપૂર્ણ પગલું છે.



**પહેલીવાર સામાન્ય નાગરિકોના સૂચનોથી તૈયાર થઈ નીતિ...**

આઝાદ ભારતમાં 1968માં પહેલી વાર રાષ્ટ્રીય શિક્ષણ નીતિની પરિકલ્પના કરવામાં આવી હતી. આમાં શિક્ષણ પ્રણાલીનું રૂપાંતરણ કરીને 10+2+3 પદ્ધતિ પર ભાર મૂકવામાં આવ્યો હતો. 1952માં લક્ષ્મણસ્વામી મુદલિયારની અધ્યક્ષતામાં માધ્યમિક શિક્ષણ આયોગની રચના કરવામાં આવી હતી. આ પછી મે 1986માં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ લાગુ કરવામાં આવી, જે 2020 સુધી ચાલતી રહી હતી. 1986ની શિક્ષણ નીતિમાં કેટલાક સુધારા 1992માં પણ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ટીએસઆર સુબ્રમણ્યમ અને પછી જૂન 2017માં ઈસરોના પૂર્વ વડા ડૉ. કે. કસ્તૂરીરંગનની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી હતી, આ સમિતિએ મે 2019માં 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો મુસદ્દો' પ્રસ્તુત કર્યો હતો. જેને 29 જુલાઈ 2020ના રોજ મંજૂરી આપવામાં આવી. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ માટે 2.5 લાખ ગ્રામ પંચાયતો, 6,600 બ્લોક, 676 જિલ્લાઓમાંથી અંદાજે બે લાખ જેટલા સૂચનોને સામેલ કરવામાં આવ્યા છે. આના માટે 2015માં ભાગીદારી પરામર્શ પ્રક્રિયા શરૂ થઈ હતી.

શિક્ષણ ક્ષેત્રમાં પરિવર્તન માટે બનેલી નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 21મી સદીમાં ઝડપથી પરિવર્તન લાવનારું પગલું બની ગઈ છે. આ જ પરિણામ છે કે આજે ભારતનો યુવાન દેશની સામે આવતા દરેક પડકારનો મક્કમતાથી સામનો કરી રહ્યો છે. તેનો ઉકેલ શોધીને તે પોતાની તાકાત સાબિત કરી રહ્યો છે. દેશના મહાન શિક્ષણવિદ અને બંધારણના ઘડવૈયા બાબા સાહેબ આંબેડકર કહેતા હતા કે શિક્ષણ એવું હોવું જોઈએ જે દરેકની પહોંચમાં હોય, બધા માટે સરળતાથી ઉપલબ્ધ

# પરિવર્તનનો સમય...

## રોજગાર માંગનારાથી લઈને રોજગાર આપનારા સુધી

**2014**

**મર્યાદિત ઉદ્યમશીલતા ઈકોસિસ્ટમ**

350 સ્ટાર્ટઅપ

4 યુનિકોર્ન

- **સ્ટાર્ટઅપમાં ઓળખ અને નીતિગત સમર્થનનો અભાવ, ફંડિંગ અને ઈન્ક્યુબેશનની તકો મર્યાદિત, ઉદ્યોગસાહસિકતાને એક જોખમથી ભરેલી કારકિર્દી માનવામાં આવતી હતી.**

**2026**

**ભારત દુનિયાની ત્રીજી સૌથી મોટી સ્ટાર્ટઅપ યુનિકોર્ન ઈકોસિસ્ટમ**


સ્ટાર્ટઅપ 2.3+ લાખ

યુનિકોર્ન 127

**21 લાખથી વધુ નોકરીઓ સ્ટાર્ટઅપમાં આપવામાં આવી વીતેલા 12 વર્ષોમાં.**

**દેશવ્યાપી ઈનોવેશન ઈકોસિસ્ટમ**

સ્ટાર્ટઅપ ઈન્ડિયા અને 'ફંડ ઓફ ફંડ્સ' થી ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન, અટલ ટિંકરિંગ લેબથી ઈનોવેશન સંસ્કૃતિનો વિસ્તાર, જન વિશ્વાસ અધિનિયમથી કમ્પ્લાયન્સના બોજમાં ઘટાડો, અંતરિક્ષ ક્ષેત્રના સુધારાઓથી આશરે 200 સ્પેસ સ્ટાર્ટઅપને પ્રોત્સાહન મળ્યું.



હોય આ શિક્ષણ નીતિ, તેમના આ વિચારને પણ સમર્પિત છે. આ શિક્ષણ નીતિ, નોકરી માંગવાને બદલે નોકરી આપનારું બનવા પર ભાર મૂકે છે. એટલે કે એક પ્રકારે આ માનસિકતા અને એપ્રોચમાં જ રિફોર્મ લાવવાનો પ્રયાસ છે. શિક્ષણની સાથે સાથે યુવાનોને અલગ અલગ ક્ષેત્રોમાં વિશેષ તકો મળે, તે માટે પણ વ્યાપક વિચારસરણી સાથે કેન્દ્ર સરકારે છેલ્લા 12 વર્ષમાં મહત્વપૂર્ણ પગલાં ભર્યા છે.

### કૌશલ્ય મિશનથી કુશળ થઈ રહ્યું છે નવું ભારત

યુવાનોને તેમના શિક્ષણ, કૌશલ્ય અને અપેક્ષાઓને અનુરૂપ રોજગારી મળે, તે કેન્દ્ર સરકારની પ્રાથમિકતા રહી છે. દેશની અંદર રોજગાર કેટલો વધી રહ્યો છે, તે પ્રત્યક્ષ અને પરોક્ષ ઈન્ડેક્સ દ્વારા ખબર પડે છે. મજબૂત આર્થિક નીતિઓથી લાખો રોજગાર પેદા થઈ રહ્યા છે. પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના હેઠળ લોકોને સ્કિલ્ડ કરવામાં આવી રહ્યા છે. સરકારના આ પ્રયાસોથી કેટલાય નવા સેક્ટરમાં રોજગારીની નવી તકો ઊભી થઈ રહી છે. દેશમાં સ્વરોજગારની તકો પણ સતત વધી રહી છે, જે કેન્દ્ર સરકારમાં યુવાનોના ભરોસાને દર્શાવે છે. યુવાનોને ભવિષ્યને અનુરૂપ તૈયાર કરવા માટે, તેમને સતત કુશળ બનાવવા, પુનઃકુશળ બનાવવા અને તેમના કૌશલ્યનું નિર્માણ કરવાની આવશ્યકતા છે. આ જ વિચાર સાથે ભારતમાં કૌશલ્ય મેપિંગનું કાર્ય ચાલી રહ્યું છે. ભારતના યુવાનો પાસે અલગ-અલગ સેક્ટરમાં કામ કરવાનું કૌશલ્ય હોવું પણ ખૂબ જરૂરી છે. આ માટે દેશમાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ અને કૌશલ્ય વિકાસ સંસ્થાઓનું પણ યુદ્ધના ધોરણે નિર્માણ થઈ રહ્યું છે. સાથે જ વર્ષ 2014થી 2026ની વચ્ચે દર વર્ષે એક નવી આઈઆઈટી અને એક

### ખેલો ઈન્ડિયાથી સુધરી રહ્યું છે

## ભારતનું રમતગમતનું ભવિષ્ય

- તાલીમ, સાધનો, રમતગમત વિજ્ઞાન અને નાણાકીય સહાયે એથ્લેટ્સના વિકાસને મજબૂત બનાવ્યો છે. રમતગમત હવે એક સન્માનજનક વ્યવસાય કરિયર તરીકે ઉભરી રહી છે. ભારતનું લક્ષ્ય હવે માત્ર ભાગ લેવાનું નહીં, પરંતુ જીતવાનું છે.
- 23.68 કરોડથી વધુ લોકો 'ફિટ ઈન્ડિયા ફ્રીડમ રન', 'ફિટ ઈન્ડિયા સ્કૂલ વીક' અને 'ફિટ ઈન્ડિયા ક્વિઝ' માં સામેલ થયા.

**4.5**
**લાખથી વધુ શાળાઓ 'ફિટ ઈન્ડિયા સ્કૂલ ફ્લેગ' થી સન્માનિત.**

## વૈશ્વિક મંચ પર

## ઝંડા લહેરાવતું ભારત

**30,752**
**ખેલો ઈન્ડિયા હેઠળ સમર્થિત એથ્લેટ્સ.**

**એશિયન ગેમ્સમાં રેકોર્ડ**
**107**
**મેડલ.**





**પેરિસ પેરાલિમ્પિકમાં**
**29 મેડલ.**

**ઈમ્ફાલ-મણિપુરમાં 2018 માં બનેલી ભારતની પ્રથમ રાષ્ટ્રીય રમતગમત યુનિવર્સિટી**



નવી આઈઆઈએમ તૈયાર થઈ છે. છેલ્લા 12 વર્ષમાં યુનિવર્સિટી અને કોલેજ ખૂલવાની સંખ્યા સતત વધી છે. કોલેજ વધવાથી સ્વાભાવિક રીતે બેઠકોની સંખ્યા પણ વધી છે, જેનાથી યુવાનો માટે ઉચ્ચ શિક્ષણની તકો વધી છે. કૌશલ્ય વિકાસની વિવિધ યોજનાઓ હેઠળ દેશમાં છ કરોડથી વધુ યુવાનોને કૌશલ્યની તાલીમ આપવામાં આવી ચૂકી છે.

### રમતગમત હવે કરિયરની નવી ઓળખ

યુવાનોને દરેક ક્ષેત્રમાં મળી રહેલી નવી તકોના પ્રતાપે છેલ્લા 12 વર્ષમાં ભારતીય રમતગમતનો એક નવો યુગ શરૂ થયો છે. આ નવો યુગ ભારતને માત્ર એક મોટી રમત ગમતની શક્તિ બનાવવા સુધી મર્યાદિત નથી, પરંતુ રમતગમત દ્વારા સમગ્ર સમાજને મજબૂત અને સશક્ત બનાવવાનું એક મોટું અભિયાન છે. એક સમય હતો જ્યારે દેશમાં રમતગમત પ્રત્યે ઉદાસીનતાનો ભાવ હતો. સ્પોર્ટ્સ પણ એક કરિયર હોઈ શકે છે, તેવું બહુ ઓછા લોકો વિચારતા હતા. તેનું કારણ એ હતું કે રમતગમતને સરકારો તરફથી જેટલું સમર્થન અને સહયોગ મળવો જોઈતો હતો, તે મળતો ન હતો. આથી ગરીબ, મધ્યમ વર્ગ અને ગ્રામીણ વિસ્તારના બાળકો માટે રમતગમતમાં આગળ વધવું ખૂબ મુશ્કેલ હતું. મોટા ભાગના માતા-પિતાને પણ એવું લાગવા માંડતું હતું કે બાળકને એવા વ્યવસાયમાં મોકલવું જોઈએ જેનાથી તેનું જીવન વ્યવસ્થિત થઈ જાય પરંતુ હવે સમાજના દ્રષ્ટિકોણમાં મોટો બદલાવ આવ્યો છે. જીવનમાં આગળ વધવા માટે રમતગમતને એક આકર્ષક કારકિર્દી તરીકે જોવામાં આવી રહ્યું છે. જેમાં 'ખેલો ઈન્ડિયા' અભિયાને મોટી ભૂમિકા ભજવી છે.


## પ્રધાનમંત્રી મુદ્રા યોજના




**57.7 કરોડ**

લોન મંજૂર કરવામાં આવી, જેમાં યોજનાની શરૂઆતથી અત્યાર સુધીમાં 40+ લાખ કરોડ રૂપિયાની રકમ મંજૂર કરાઈ છે.

### લોનની સંખ્યામાં 28% વૃદ્ધિ




### લોનની રકમમાં 312% વૃદ્ધિ:




## રોજગારની તકો સુધી ઝડપી પહોંચ

**12.5** લાખથી વધુ એપોઈન્ટમેન્ટ લેટર્સ

**19** રોજગાર મેળાઓના માધ્યમથી જાહેર કરવામાં આવ્યા.




- 3.5 કરોડ નોકરીઓ ઊભી કરવામાં મદદ કરવાના ઉદ્દેશ્ય સાથે ઓગસ્ટ, 2025માં પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજના પર સરકાર એક લાખ કરોડ રૂપિયા ખર્ચ કરશે.

- 2025-26માં નેશનલ કરિયર સર્વિસ પોર્ટલ પર 3.43 કરોડથી વધુ નોકરીઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ પોર્ટલ ડિજિટલ રોજગાર બજાર તરીકે કામ કરે છે.

**1.5** લાખ યુવાનોને લશ્કરમાં અગ્નિવીર યોજના અંતર્ગત સામેલ કરવામાં આવ્યા છે



**ભારતે ઝાંઝીબાર અને આબુ ધાબીમાં બે આંતરરાષ્ટ્રીય આઈઆઈટી કેમ્પસ ખોલ્યા છે, તો આઈઆઈએમ અમદાવાદે પણ દુબઈમાં પોતાનું કેમ્પસ ખોલ્યું છે. આશા છે કે 15 વિદેશી યુનિવર્સિટીઓ ભારતમાં પોતાના કેમ્પસ શરૂ કરશે.**

પીએમ મોદીના પ્રયાસોથી દેશના લોકોની વિચારસરણીમાં મોટો બદલાવ આવ્યો છે. કેન્દ્ર સરકારે એવી નીતિઓ બનાવી છે જેનાથી રમતગમતમાં કરિયર બનાવવાના રસ્તા ખુલ્યા. પરિણામે ટોક્યો ઓલિમ્પિક્સમાં ભારતે સાત મેડલ જીતીને અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કર્યું. પેરિસ ઓલિમ્પિકમાં પણ ભારતે છ મેડલ જીત્યા. ટોક્યો પેરાલિમ્પિક્સમાં પણ ભારતના ખાતામાં 19 મેડલ આવ્યા. એવી જ રીતે પેરિસ પેરાલિમ્પિક્સમાં ભારતે 29 મેડલ જીત્યા. નવા ભારતનો મંત્ર છે - 'જુટ જાઓ ઔર જીતો'. પેરાલિમ્પિક્સમાં ભારતે જેટલા મેડલ જીત્યા એટલા ભારતે અત્યાર સુધીના ઈતિહાસમાં ક્યારેય જીત્યા ન હતા. ઓલિમ્પિક્સમાં પણ ભારતનું પ્રદર્શન શ્રેષ્ઠ રહ્યું છે કેમ કે યુવાનોમાં જીતનો વિશ્વાસ પેદા થયો છે. કેન્દ્ર સરકાર 'ટોપ્સ' પ્રોગ્રામ દ્વારા ખેલાડીઓને સહયોગ અને દરેક પ્રકારે પ્રોત્સાહન આપી રહી છે. હવે રાષ્ટ્રીય રમતગમત નીતિ-2025 ભારતને વૈશ્વિક રમતગમતની મહાશક્તિ બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું બની ગઈ છે.

"આજે દેશનું લક્ષ્ય છે - વિકસિત ભારત, સશક્ત ભારત! આપણે વિકસિત ભારતના સપનાને પૂરા કર્યા વિના અટકવાનું નથી. મને વિશ્વાસ છે, દરેક યુવાન આ સપનાને પોતાનું સપનું બનાવશે, પોતાના ખભા પર દેશની આ જવાબદારી લેશે."

- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી



## સ્ટાર્ટઅપથી યુનિકોર્ન સુધીની યાત્રા

છેલ્લા 12 વર્ષમાં નોકરીઓની પ્રકૃતિમાં પણ ખૂબ જ ઝડપથી બદલાવ આવ્યો છે. બદલાતી પરિસ્થિતિઓમાં યુવાનો માટે નવા સેક્ટર્સ ઉભરીને સામે આવી રહ્યા છે. કેન્દ્ર સરકાર પણ આ નવા સેક્ટર્સને સતત પ્રોત્સાહિત કરી રહી છે. આ 12 વર્ષમાં દેશે સ્ટાર્ટઅપ સંસ્કૃતિની નવી ક્રાંતિ જોઈ છે. 2014માં દેશમાં જ્યાં સ્ટાર્ટઅપની સંખ્યા સેંકડોમાં હતી ત્યાં જ તેમની સંખ્યા આજે બે લાખથી ઉપર પહોંચી ગઈ છે. અનુમાન છે કે આ સ્ટાર્ટઅપ્સે ઓછામાં ઓછા 21 લાખ યુવાનોને રોજગારી આપી છે. આ 12 વર્ષમાં ડ્રોન સેક્ટરમાં નવો ઉછાળો આવ્યો છે. ફર્ટિલાઈઝરના છંટકાવથી લઈને દવાઓની સપ્લાય સુધીમાં ડ્રોનનો ઉપયોગ વધી રહ્યો છે. છેલ્લા 12 વર્ષમાં ભારત સરકારે મુદ્રા યોજના હેઠળ 57 કરોડથી વધુ લોનની અરજીઓ મંજૂર કરી છે. આશરે 12 કરોડથી વધુ લોકો એવા છે, જેમણે મુદ્રા યોજનાની મદદથી પહેલીવાર પોતાનું સ્વતંત્ર કામ શરૂ કર્યું છે. પીએલઆઈ યોજના હેઠળ કેન્દ્ર સરકાર મેન્યુફેક્ચરિંગ માટે લગભગ બે લાખ કરોડ રૂપિયાની મદદ આપી રહી છે. આ રકમ ભારતને દુનિયાનું મેન્યુફેક્ચરિંગ હબ બનાવવાની સાથે જ લાખો યુવાનોને રોજગારીમાં પણ સહાયતા કરશે.

## યુવા જોશને મળી રહી છે નવી તકો

જે દેશના યુવાનો ઉત્સાહ અને જોશથી ભરેલા હોય, તે દેશની પ્રાથમિકતા હંમેશા યુવાનો જ રહેશે. આજનું ભારત પણ પોતાના તમામ યુવા સાથીઓ માટે એવા પ્લેટફોર્મ આપવાનો પ્રયાસ કરી રહ્યું છે, જે રાષ્ટ્રના સપનાઓને પૂરા કરવામાં મદદ કરી શકે. ભારતની ડિજિટલ ક્રાંતિ હોય, ભારતની સ્ટાર્ટઅપ ક્રાંતિ હોય, ઈનોવેશન ક્રાંતિ હોય, આ બધાનો સૌથી મોટો લાભ યુવાનોને થઈ રહ્યો છે. આજે ભારત જે રીતે પોતાના ડિફેન્સ સેક્ટરમાં સતત સુધારો કરી રહ્યું છે, તેનો લાભ પણ દેશના યુવાનોને જ મળી રહ્યો છે. એક સમય હતો, જ્યારે અસોલ્ટ રાઈફલ અને બુલેટ પ્રૂફ જેકેટ જેવી વસ્તુઓ પણ વિદેશથી મંગાવવામાં આવતી હતી, પરંતુ આજે સેનાની જરૂરિયાતનો સેંકડો સામાન એવો છે જે ભારતમાં જ બની રહ્યો છે. આ તમામ અભિયાનો, ભારતના યુવાનો માટે નવી સંભાવનાઓ લઈને આવ્યા છે. હાલમાં જ દેશે સ્પેસ સેક્ટરના દ્વાર યુવા ટેલેન્ટ માટે ખોલી દીધા છે. પરિણામે જોતજોતામાં પહેલો પ્રાઈવેટ સેટેલાઈટ લોન્ચ કરવામાં આવ્યો. આ જ રીતે એનિમેશન અને ગેમિંગ સેક્ટર, પ્રતિભાશાળી યુવાનો માટે તકોનો વિસ્તાર લઈને આવ્યું છે. એન્ટરટેનમેન્ટ હોય, લોજિસ્ટિક્સ હોય, ખેતીવાડી હોય, દરેક જગ્યાએ ડ્રોન ટેકનોલોજી આવી રહી છે.

છેલ્લા 12 વર્ષોમાં પોલીસ અને અર્ધસૈનિક દળોમાં દીકરીઓની સંખ્યામાં લગભગ બમણો વધારો થયો છે. સેનાની ત્રણેય પાંખોમાં અગ્રિમ મોરચાઓ પર મહિલાઓની તૈનાતીનો રસ્તો ખૂલી ગયો છે.

આજે મહિલાઓ ભારતીય નેવીમાં પહેલી વાર અગ્નિવીર તરીકે, નાવિક તરીકે સામેલ થઈ છે. મહિલાઓએ સશસ્ત્ર દળોમાં લડાકુ ભૂમિકાઓમાં પણ પ્રવેશવાનું શરૂ કર્યું છે. કેન્દ્ર સરકાર દ્વારા સૈનિક શાળાઓમાં દીકરીઓના એડમિશનની મંજૂરી પણ આપી દેવામાં આવી છે. આ જ કારણ છે કે નેશનલ ડિફેન્સ એકેડેમી (એનડીએ) માં પ્રશિક્ષિત 17 મહિલા કેડેટ્સની પહેલી બેચ 28મીથી 13મી જૂનની વચ્ચે રક્ષા દળોમાં અધિકારીઓ તરીકે કમિશન થઈ ગઈ છે. ઓગસ્ટ 2022માં આ કેડેટ્સ એનડીએમાં સામેલ થઈ હતી. આ સિદ્ધિ દેશભરની યુવાન મહિલાઓને આવનારી પેઢીઓ માટે યુનિફોર્મમાં કારકિર્દી બનાવવા તેમજ રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવા માટે પ્રેરિત કરશે.

આજે યુવાનો માટે સેલ્ફ-એટેસ્ટેશનની સુવિધા છે, જ્યારે અગાઉ પ્રમાણપત્રને કોઈ ગેઝેટેડ ઓફિસર પાસે પ્રમાણિત કરાવવું પડતું હતું. ગ્રૂપ-સી, ડી ના પદો પર ભરતી માટે ઈન્ટરવ્યુ નાબૂદ કરી દેવામાં આવ્યા છે. ટેક્નોલોજીના આ યુગમાં યુવાનો ગામડે ગામડે નવા ડિજિટલ ઉદ્યોગસાહસિક બની રહ્યા છે. કેન્દ્ર સરકારની યોજનાઓથી દેશમાં રોજગાર અને સ્વરોજગારની તકો સતત વધી રહી છે. આ ઉપરાંત, કેન્દ્ર સરકારે યુવાનોને દસ  લાખ સ્થાયી સરકારી નોકરી આપવા માટે રોજગાર મેળાઓનું આયોજન શરૂ કર્યું, પરંતુ પરિણામ જૂઓ કે અત્યાર સુધીમાં 12 લાખથી વધુ એપોઈન્ટમેન્ટ લેટર્સ આ મેળાઓના માધ્યમથી સોંપવામાં આવી ચૂક્યા છે. પીએમ વિકસિત ભારત રોજગાર યોજના જેવી પહેલ આજે આધાર બની ગઈ છે. આટલી મોટી યુવા શક્તિ જ્યારે રાષ્ટ્ર નિર્માણમાં જોડાશે, તો કોઈ પણ લક્ષ્ય અશક્ય નહીં રહે. હાલમાં જ પ્રસ્તાવિત રાષ્ટ્રીય યુવા નીતિ 2025નું માળખું ભવિષ્ય માટે જરૂરી કૌશલ્ય, ઉદ્યોગસાહસિકતા, નેતૃત્વ, નાગરિક ભાગીદારી, ડિજિટલ ભાગીદારી અને ટકાઉ વિકાસ જેવી ઊભરતી પ્રાથમિકતાઓ પર વધુ ભાર મૂકે છે.

વાસ્તવમાં, કોઈપણ રાષ્ટ્રને ચલાવવા માટે જે ઉર્જા સૌથી મહત્વની હોય છે, તે ઉર્જા યુવાનો છે. ઉંમરના આ પડાવ પર એક જોશ અને જુસ્સો હોય છે. ઘણા બધા સપના હોય છે અને જ્યારે સપના સંકલ્પ બની જાય અને સંકલ્પ માટે જીવન જોડાઈ જાય તો જિંદગી પણ

## યુવાનોને કૌશલ્ય પ્રશિક્ષણની તકો

સ્કીલ ઈન્ડિયા મિશન 2015માં શરૂ કરવામાં આવ્યું હતું. કૌશલ્ય વિકાસના મોટા નેટવર્ક દ્વારા કૌશલ્ય, પુનઃ કૌશલ્ય અને અપ-સ્કીલિંગનું પ્રશિક્ષણ આપવામાં આવે છે. આ મિશનમાં કેટલાક સ્તરો પર વ્યવસ્થા કરવામાં આવી છે...

- પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના.
- જન શિક્ષણ સંસ્થાન.
- નેશનલ એપ્રેન્ટિસશિપ પ્રમોશન સ્કીમ.
- ઔદ્યોગિક પ્રશિક્ષણ સંસ્થાઓમાં ક્રાફ્ટમેન ટ્રેનિંગ સ્કીમ.

**2.31** લાખ નામાંકન એઆઈની તૈયારી માટે કૌશલ્ય વિકાસ (SOAR) માં કરાવવામાં આવ્યા છે, આ 6 થી 12મા ધોરણના સ્કૂલના વિદ્યાર્થીઓ માટે એઆઈના મૂળભૂત કૌશલ્યનો કોર્સ છે.




**63** હજારથી વધુ ઈન્ટર્નશિપની તકો પ્રધાનમંત્રી ઈન્ટર્નશિપ યોજનામાં ઉપલબ્ધ છે. તેની શરૂઆત ઓક્ટોબર, 2024માં યુવાનોને વ્યવસ્થિત અને પેઈડ ઈન્ટર્નશિપની તકો આપવા માટે થઈ હતી.

**3.45** કરોડથી વધુ 18-28 વર્ષના યુવાનો ઔપચારિક કાર્યબળમાં સામેલ થયા, ઈપીએફઓના આંકડા.








## રાષ્ટ્રીય યુવા નીતિ...

રાષ્ટ્રીય યુવા નીતિ 2014 એ દેશમાં યુવાનોના વિકાસ માટે પાયાનું માળખું તૈયાર કર્યું. નીતિમાં 15-29 વર્ષના લોકોને યુવાન માનવામાં આવ્યા છે. શિક્ષણ, રોજગાર, કૌશલ્ય વિકાસ, સ્વાસ્થ્ય, રમતગમત, સામાજિક ભાગીદારી અને સશક્તિકરણના ક્ષેત્રમાં સમાવેશ અને સંસ્થાગત મજબૂતી પર ધ્યાન આપવામાં આવ્યું.



સફળ થઈ જાય છે. ભારતના યુવાનો માટે આ સમય નવી તકોનો સમય છે. દરેક તરફ એક જ ચર્ચા છે કે ભારતનો સમય આવી ગયો છે, આજે સમગ્ર દુનિયા ભારત તરફ જોઈ રહી છે. તેની પાછળ સૌથી મોટું કારણ છે, ભારતના યુવાનો. સાચા અર્થમાં યુવા શક્તિ ભારતના વિકાસની યાત્રાની પ્રેરક શક્તિ છે. આવા સમયમાં એક રાષ્ટ્ર જે સમાવેશી પ્રગતિનું લક્ષ્ય રાખે છે, તે પોતાની યુવા શક્તિના સર્વાંગી વિકાસમાં રોકાણ ન કરવાનું જોખમ ઉઠાવી શકે નહીં.

> **“આજે, આખું વિશ્વ ભારતના યુવાનોને ખૂબ જ આત્મવિશ્વાસથી જોઈ રહ્યું છે. તે આત્મવિશ્વાસનું કારણ ભારતના યુવાનોની 'કુશળતા અને મૂલ્યો' છે.”**
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

ભારત વિશ્વનો સૌથી વધુ યુવા શક્તિ ધરાવતું રાષ્ટ્ર છે. આટલી મોટી યુવા શક્તિ ધરાવતો દેશ નાના સપના જોઈ શકે નહીં. એટલા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિઝનને અનુરૂપ યુવાનોને મોટું વિચારવાની તક મળી રહી છે, જેથી તેઓ મોટા સપના જોઈ શકે અને તેને સાકાર કરી શકે. આ જ વિચાર સાથે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર પોતાની યુવા કલ્યાણ નીતિઓ અને દૂરંદેશી દ્વારા તેમની ક્ષમતાને ઓળખી રહી છે અને તેમના સપનાઓને પૂરા કરવા માટે તેમને તકો પૂરી પાડી રહી છે.

ભલે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ હોય કે સ્કીલ ડેવલપમેન્ટ મિશન, સ્ટાર્ટઅપ ક્રાંતિ હોય કે યુવાનોના સપનાઓને ઉડાન આપનારી નીતિઓ હોય... આજે કેન્દ્ર સરકારની સાચી દાનત અને નવી તકોના જોરે યુવાનો દેશની પ્રગતિના સારથી બની રહ્યા છે. તેમનો આ જ સંકલ્પ, વિકસિત અને સશક્ત ભારતના સપનાને સાકાર કરવાની દિશામાં આગળ વધી રહ્યો છે. ■



કેન્દ્રીય મંત્રી મંડળના નિર્ણયો

# દિલ્હીને છ લેન સુરંગ

# યૂપીને નવો હાઈવે

પ્રતીકાત્મક ફોટો

***મજબૂત કનેક્ટિવિટી અને બહેતર ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી માત્ર મુસાફરી જ સરળ નથી થતી પરંતુ વેપાર પણ વધે છે. સમયની બચત થાય છે અને ઈંધણનો વપરાશ ઘટવાથી પ્રદૂષણ પણ ઓછું થાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી હંમેશા કહે છે કે આ માત્ર રસ્તા નથી હોતા પરંતુ સમગ્ર ક્ષેત્રમાં વેપાર, ઉદ્યોગ, સંગ્રહ અને લોજિસ્ટિક્સ માટેના નવા રસ્તા ખોલે છે. આ શ્રેણીમાં પહેલી જુલાઈએ કેન્દ્રીય મંત્રી મંડળે દિલ્હી અને ઉત્તર પ્રદેશ માટે 14,000 કરોડ રૂપિયાથી વધુની બે યોજનાઓને મંજૂરી આપી છે. આ નિર્ણયથી દિલ્હીને છ લેનવાળી ટનલ મળશે તો યૂપીમાં ચાર લેનનો એક્સેસ-કંટ્રોલ્ડ ગ્રીનફિલ્ડ નવો હાઈવે બનશે.***




**નિર્ણય:** NH(O) યોજના હેઠળ હાઈબ્રિડ એન્યુઈટી મોડ (HAM) પર દ્વારકા એક્સપ્રેસવે (NH-248બીબી) ને નેલ્સન મંડેલા માર્ગ, વસંત કુંજ, દિલ્હી સાથે જોડતા NH-148એઈ માટે 6-લેન રોડ ટનલના નિર્માણને મંજૂરી.

**અસર:** આ પ્રોજેક્ટ 8.1 કિમી લાંબો હશે, જેનો કુલ ખર્ચ 6,969.67 કરોડ રૂપિયા છે.

- તેના દ્વારા દ્વારકા એક્સપ્રેસવેના શિવમૂર્તિ ઈન્ટરચેન્જથી નેલ્સન મંડેલા માર્ગ અને વસંત કુંજ જોડાઈ જશે.
- પશ્ચિમ અને દક્ષિણ દિલ્હી વચ્ચે ઝડપી કનેક્ટિવિટી સ્થાપિત થશે.
- ધૌલા કુઆં - આઈજીઆઈ એરપોર્ટ, છતરપુર-મહિપાલપુર/આઈજીઆઈ એરપોર્ટ અને રંગપુરીનો ટ્રાફિક જામ ઘટશે.
- આ ઉપરાંત, ગુરુગ્રામ, દ્વારકા, આઈજીઆઈ વિમાન મથક અને પશ્ચિમ દિલ્હીથી દક્ષિણ દિલ્હી તરફ જતા મુસાફરોને પણ લાભ મળશે.
- ભૂગર્ભ ડબલ ટનલ (સુપરિટેન્ડિંગ ટનલ) ને કારણે ટ્રાફિકમાં અવરોધ ન્યૂનતમ રહેશે.
- દક્ષિણી રિજ વન (ટનલનો 1.98૮ કિમી ભાગ રિજની નીચેથી પસાર થાય છે) સુરક્ષિત રહેશે.
- આ પ્રોજેક્ટથી દરરોજ લગભગ 37,000 પેસેન્જર કાર યુનિટ (PCU) જેટલા ટ્રાફિકને રાહત મળશે.
- આ પ્રોજેક્ટ પીએમ ગતિ શક્તિના છ આર્થિક કેન્દ્રો અને ચાર લોજિસ્ટિક્સ કેન્દ્રોને એકબીજા સાથે જોડવાની સુવિધા પૂરી પાડશે.
- અનુમાન છે કે નેશનલ હાઈવેના દરેક લેન-કિલોમીટરના વિકાસથી સરેરાશ 264 વ્યક્તિ-દિવસની પ્રત્યક્ષ રોજગારી અને સરેરાશ 55 વ્યક્તિ દિવસની પરોક્ષ રોજગારીનું સર્જન થશે.


પ્રતીકાત્મક ફોટો




**નિર્ણય:** ઉત્તર પ્રદેશમાં NH-34 ના કાનપુર-કબરાઈ સેક્શનના 4/6 લેન એક્સેસ-કંટ્રોલ્ડ રોડના નિર્માણને BOT (ટોલ) મોડ પર કુલ ₹7145.14 કરોડના મૂડી ખર્ચ સાથે મંજૂરી આપવામાં આવી છે.

**અસર:** આ ચાર લેનનો એક્સેસ-કંટ્રોલ્ડ કોરિડોર છે, જેમાં ભવિષ્યમાં તેને છ લેન સુધી વિસ્તારવાની જોગવાઈ પણ છે. આ ભોપાલ-કાનપુર આર્થિક કોરિડોરનો એક ભાગ છે.

- આ પ્રોજેક્ટ કાનપુર અને કબરાઈ વચ્ચે અવરોધમુક્ત, ઉચ્ચ ગતિની કનેક્ટિવિટી પ્રદાન કરશે.
- સાથે જ તે સાગર, ભોપાલ અને મધ્ય પ્રદેશના અન્ય ભાગો સુધી આગળની કનેક્ટિવિટીને મજબૂત કરશે, જેનાથી તે એક આધુનિક એક્સેસ-કંટ્રોલ્ડ ઈકોનોમિક કોરિડોર બનશે, જે ઉત્તર પ્રદેશના ઔદ્યોગિક અને વ્યાપારી કેન્દ્રોને મધ્ય પ્રદેશના ખનિજ-સમૃદ્ધ, ઉત્પાદન અને કૃષિ ક્ષેત્રો સાથે જોડશે.
- આ પ્રોજેક્ટ ઉત્તર પ્રદેશના કાનપુર, હમીરપુર અને મધ્ય પ્રદેશના આકાંક્ષી જિલ્લા મહોબાને આવરી લેશે.
- 80-100 કિમી પ્રતિ કલાકની સંચાલન ગતિ માટે ડિઝાઈન કરવામાં આવેલો આ કોરિડોર કાનપુર અને કબરાઈ વચ્ચેનો મુસાફરીનો સમય 3.5 કલાકથી ઘટાડીને 1.5 કલાક (58%) કરી દેશે.
- આ સાથે જ તે માર્ગ સુરક્ષામાં સુધારો કરશે, વાહન પરિચાલન ખર્ચમાં ઘટાડો કરશે અને મુસાફરો તથા માલસામાનની કાર્યક્ષમ અવરજવરને સરળ બનાવશે.

**NDA 3.0 માં કુલ 26 લાખ કરોડ રૂપિયાના માળખાગત પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે.**

- આ પરિયોજના 'પીએમ ગતિ શક્તિ'ના ચાર આર્થિક કેન્દ્રો અને 10 લોજિસ્ટિક્સ કેન્દ્રોને એકબીજા સાથે જોડવાની સુવિધા પ્રદાન કરશે.
- આ પરિયોજનાથી નિર્માણ કાર્ય દરમિયાન પ્રતિ લેન, પ્રતિ કિલોમીટર આશરે 11,888 પ્રત્યક્ષ અને 13,985 પરોક્ષ માનવ દિવસ રોજગારનું સર્જન થવાની અપેક્ષા છે.




# ભવિષ્યની અર્થવ્યવસ્થાનું નેતૃત્વકાર બનશે ભારત

*વિકસિત ભારતનો માર્ગ યુવાનોના કૌશલ્ય અને તેમની ક્ષમતા પર જ ટકેલો છે. આ જ કારણ છે કે યુવાનોના સપનાઓને ઉડાન આપવા માટે કેન્દ્ર સરકાર સતત નવી તકો આપી રહી છે. આ દિશામાં, પહેલીવાર નોકરી મેળવનારા યુવાનોને આગળ વધારવા અને ઉદ્યોગો સાથે તેમનો તાલમેલ બેસાડવા માટે 'પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના' શરૂ કરવામાં આવી છે. આ યોજના હેઠળ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 19મી જૂને 2,400 કરોડ રૂપિયાની પ્રોત્સાહન રકમનું વિતરણ કર્યું...*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું માનવું છે કે 21મી સદીમાં પ્રગતિ એ જ દેશો કરશે જેની પાસે કૌશલ્ય, નવા વિચારો અને ગુણવત્તા હશે. તેથી જ કેન્દ્ર સરકાર યુવાનોને આ ખૂબીઓ સાથે જોડવા માટે સતત કામ કરી રહી છે. પછી તે યુવાનોનું કૌશલ્ય વિકાસ કરવાનું હોય, તેમના નવા વિચારોને દુનિયાભરમાં ઓળખ અપાવવાની હોય અથવા પહેલીવાર નોકરી આપતા ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાનું હોય, સરકાર દરેક સ્તરે પ્રયાસ કરી રહી છે. તેના સારા પરિણામો હવે માત્ર દેશમાં જ નહીં, પરંતુ સમગ્ર દુનિયામાં જોવા મળી રહ્યા છે. દુનિયાભરમાં ભારતના યુવાનોની માંગ વધી છે. આ યુવાનો પોતાની યોગ્યતાથી માત્ર દેશનું નામ રોશન નથી કરી રહ્યા, પરંતુ વિદેશોમાં રહીને ભારત સાથેના તેમના સંબંધોને વધુ મજબૂત બનાવી રહ્યા છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના (VBRY) સાથે જોડાયેલા લાભાર્થીઓ, ઉદ્યોગ પ્રતિનિધિઓ અને હિતધારકોને કહ્યું કે આ યોજના ભારત સરકારની રોજગાર સાથે જોડાયેલી પ્રમુખ પ્રોત્સાહન યોજના છે. દુનિયા ભારતીય યુવાનોની ક્ષમતાઓને ઓળખી રહી છે. સરકાર પણ એ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે કે દરેક યુવાનને પોતાની ક્ષમતાને સફળતામાં બદલવાની તક મળે. VBRY એક રોજગાર યોજનાથી કાંઈક વિશેષ છે. તે પહેલીવાર નોકરી શરૂ કરનારા યુવાનોની આકાંક્ષાઓને મજબૂત કરવા અને ઉદ્યોગ તથા કાર્યબળ (વર્કફોર્સ) વચ્ચે એક મજબૂત સેતુ બનાવવા માટે તૈયાર કરવામાં આવેલી પહેલ છે. જ્યાં ઘણી યોજનાઓ સામાન્ય રીતે કર્મચારીઓ અથવા નિયોક્તાઓ પર કેન્દ્રિત હોય છે, ત્યાં આ કાર્યક્રમ એક સાથે બંનેને સહયોગ કરે છે. સરકાર એવા યુવાનોની સાથે ઉભી છે, જેઓ પોતાની વ્યાવસાયિક સફરની શરૂઆત કરી રહ્યા છે. સરકાર એવી સંસ્થાઓને

> **પ્રધાનમંત્રી વિકસિત ભારત યોજના... આ રોજગારથી ક્યાંય વિશેષ, પહેલી નોકરી મેળવનારા યુવાનોના સપનાઓને શક્તિ આપનારી યોજના છે. આ યુવાનો અને ઉદ્યોગો વચ્ચે એક મજબૂત સેતુ બનાવનારી યોજના છે. - નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**




પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ નિહાળવા માટે QR કોડ સ્કેન કરો

## ભારતના ઈનોવેશન (નવીનતા) ઈકોસિસ્ટમમાં વૈશ્વિક રૂચિ

છેલ્લા દસ વર્ષમાં ભારતમાં સ્ટાર્ટઅપની સંખ્યા લગભગ 500 થી વધીને બે લાખથી વધુ થઈ ગઈ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે ફ્રાન્સમાં યોજાયેલા 'ઇન્ડિયા ઈનોવેટ્સ' કાર્યક્રમે ભારતીય સ્ટાર્ટઅપ અને દુનિયાભરના રોકાણકારોને એક સાથે આવવાની તક આપી છે. અહીં એઆઈ (AI), સ્પેસ ટેક, ગ્રીન એનર્જી અને બાયોટેક જેવા આધુનિક ક્ષેત્રો પર ચર્ચા થઈ. આવા આયોજનોથી સ્પષ્ટ થાય છે કે દુનિયાનો ભરોસો ભારતના નવા ઈનોવેશન પર વધી રહ્યો છે. ભવિષ્યની ટેકનોલોજી બનાવવામાં ભારતની ભૂમિકા મહત્વની બનતી જઈ રહી છે, જેને વિશ્વ પણ સ્વીકારે છે.

## મહિલાઓની વધતી ભાગીદારી

ભારતની પ્રગતિ અને સમાજને આગળ વધારવામાં મહિલાઓનું યોગદાન ઝડપથી વધ્યું છે. તેમની સુરક્ષા અને સુવિધાને ધ્યાનમાં રાખીને હવે નાઈટ શિફ્ટ સાથે જોડાયેલા નિયમોમાં સુધારા કરવામાં આવ્યા છે. 'વર્ક ફ્રોમ હોમ'ની તકો વધારવામાં આવી છે. આ સાથે જ ઓફિસોમાં સુરક્ષાની વ્યવસ્થાઓ પણ મજબૂત કરવામાં આવી છે, જેથી વધુમાં વધુ મહિલાઓ કોઈપણ ડર વિના નોકરી કરી શકે.

## નવી બજારો ખૂલી રહી છે

ભારતીય ઉદ્યોગો માટે નવા બજાર ખુલી રહ્યા છે. અહીંના વ્યાવસાયિકો માટે નવી તકો ઉપલબ્ધ થઈ રહી છે. જ્યારે આખી દુનિયા ભવિષ્યની અર્થવ્યવસ્થાની તૈયારી કરી રહી છે ત્યારે ભારત તેનું નેતૃત્વ કરવાની તૈયારી કરી રહ્યું છે. સરકારનું ધ્યાન હંમેશા રોજગારને સુરક્ષા, ગરિમા અને સામાજિક સંરક્ષણ સાથે જોડવા પર રહ્યું છે.

પ્રોત્સાહિત કરે છે, જે રોજગારની નવી તકો પેદા કરે છે.

યોજનાની ઉપલબ્ધિઓ વિશે જણાવતા પીએમ મોદીએ કહ્યું કે અત્યાર સુધીમાં લગભગ 70 લાખ નવી નોકરીઓનું સર્જન કરવામાં આવ્યું છે. એટલી જ સંખ્યામાં પહેલીવાર નોકરી મેળવનારા કર્મચારીઓને સામાજિક સુરક્ષાના દાયરામાં લાવવામાં આવ્યા છે. લગભગ 20 લાખ યુવાનો પહેલી નોકરીમાં છ મહિના પૂરા કરી ચૂક્યા છે, જ્યારે આ ઉપલબ્ધિ પૂરી કરવા પર લગભગ દસ લાખ લાભાર્થીઓને યોજના હેઠળ પહેલેથી જ પ્રોત્સાહન રકમ મળી ચૂકી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કહે છે, “જ્યારે સરકાર, ઉદ્યોગ અને યુવા મળીને કામ કરે છે ત્યારે રોજગાર સર્જનમાં તેજી આવે છે. આ પહેલ એક નવા ભારતની ઝલક છે જ્યાં યુવાઓને અવસર મળે છે, ઉદ્યોગોને પ્રોત્સાહન મળે છે અને રોજગાર સર્જન એક રાષ્ટ્રીય મિશન બની જાય છે.” ■

# બંગાળ રચશે ઈતિહાસ... ભારતની ગતિ વધશે

*ભારત વર્ષ 2047 સુધીમાં એક વિકસિત દેશ બનવાના લક્ષ્ય પર કામ કરી રહ્યું છે. વિકસિત ભારતના આ સપનાને પૂરું કરવાનું સૌથી મોટું માધ્યમ છે - પૂર્વ ભારતનો વિકાસ! આ માટે સરકાર 'મિશન પૂર્વોદય' પર કામ કરી રહી છે, જેમાં બંગાળની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ શ્રેણીમાં, પશ્ચિમ બંગ દિવસ સમારોહમાં સામેલ થવા માટે હુગલી પહોંચેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પીએમ-કિસાન યોજનાનો 23મો હપ્તો જારી કર્યો. સાથે જ, રેલવે, કૃષિ, ગ્રામીણ વિકાસ, મત્સ્યપાલન અને પશુપાલન ક્ષેત્ર સાથે સંબંધિત વિવિધ વિકાસ પરિયોજનાઓનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન પણ કર્યું...*

આઝાદી પછી પશ્ચિમ બંગાળના ઉજ્જવળ ભવિષ્ય માટે જે સપનું બંગાળની મહાન આત્માઓએ જોયું હતું, આજે એક રીતે પહેલીવાર દેશની જનતા પશ્ચિમ બંગ દિવસ પર તે સપનાઓને હકીકતમાં બદલાતા જોઈ રહી છે. તારકેશ્વરમાં સમારોહ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે આજે પશ્ચિમ બંગ દિવસ પર આપણી ફરજ છે કે આપણે સંકલ્પ લઈએ કે હવે ઈતિહાસની તે ભૂલો ફરી નહીં દોહરાવવામાં આવે. હવે પશ્ચિમ બંગ દિવસથી પ્રેરણા લઈને નવો ઈતિહાસ રચવામાં આવશે. પશ્ચિમ બંગાળમાં ઔદ્યોગિક પ્રગતિનો પાયો ફરીથી નંખાઈ

> **ભારત 2047 સુધીમાં વિકસિત દેશ બનવાના લક્ષ્ય પર કામ કરી રહ્યું છે. વિકસિત ભારતના આ સંકલ્પનો સૌથી મોટો આધાર છે - પૂર્વી ભારતનો વિકાસ. આ માટે અમે 'મિશન પૂર્વોદય' પર કામ કરી રહ્યા છીએ. જેમાં બંગાળની ભૂમિકા ખૂબ મોટી છે. બંગાળની પ્રગતિથી પૂર્વી ભારતની ગતિ વધશે.**
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**



### 'પશ્ચિમ બંગાળ: વિરાસત, સદભાવ અને વિકાસ' રહી થીમ

પશ્ચિમ બંગ દિવસ સમારોહનો રાજ્ય સ્તરીય કાર્યક્રમ હુગલીના તારકેશ્વરમાં આયોજિત કરવામાં આવ્યો હતો, જે ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જી સાથે જોડાયેલું એક ઐતિહાસિક મહત્વ ધરાવતું સ્થળ છે. આ વર્ષના પશ્ચિમ બંગ દિવસનો વિષય: 'પશ્ચિમ બંગાળ: વિરાસત, સદભાવ અને વિકાસ', રાજ્યની સાંસ્કૃતિક સમૃદ્ધિ, સામાજિક એકતા અને વિકાસાત્મક આકાંક્ષાઓને દર્શાવે છે.

પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ નિહાળવા માટે QR કોડ સ્કેન કરો

# કેન્દ્ર સરકારની યોજનાઓ હવે પશ્ચિમ બંગાળને મળવાની શરૂ

## પીએમ ફસલ વીમા યોજનાનો શુભારંભ

- પશ્ચિમ બંગાળમાં પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના (PMF-BY)નો શુભારંભ કરવામાં આવ્યો. તેનાથી હવે વિશ્વની સૌથી મોટી ફસલ વીમા યોજનાનો લાભ રાજ્યના ખેડૂતો સુધી પહોંચશે.
- 2026-27 દરમિયાન, પીએમએફબીવાય (PMFBY) પહેલનો લક્ષ્ય પશ્ચિમ બંગાળમાં લગભગ 14 લાખ હેક્ટર કૃષિ ભૂમિ પર લગભગ 50 લાખ ખેડૂતોને વીમા કવરેજ પ્રદાન કરવાનો છે.

**લગભગ 28,140 કરોડનું અંદાજિત વીમા મૂલ્યના પાકની સુરક્ષા થશે**

**ખેડૂતોને પર્યાપ્ત પ્રીમિયમ સબસિડીના માધ્યમથી સહાયતા પ્રદાન કરી શકાશે**

## પશ્ચિમ બંગાળમાં એગ્રીસ્ટેકનો શુભારંભ:

- ડિજિટલ કૃષિ મિશન હેઠળ, પશ્ચિમ બંગાળમાં એગ્રીસ્ટેકનો શુભારંભ.
- આ અંતર્ગત ખાતર વિતરણ, કિસાન ક્રેડિટ કાર્ડ, પ્રત્યક્ષ લાભ હસ્તાંતરણ (DBT) અને લઘુત્તમ સમર્થન મૂલ્ય (MSP) પ્રણાલી હેઠળ ખરીદી જેવી કૃષિ સંબંધિત પ્રમાણિત સેવાઓ માટે એક એકીકૃત ડિજિટલ પ્લેટફોર્મ ઉપલબ્ધ થશે.
- આ પહેલ કૃષિ ક્ષેત્રમાં ડિજિટલ શાસનને મજબૂત બનાવશે અને કિસાન-કેન્દ્રિત સેવાઓના કાર્યક્ષમ વિતરણને સુગમ બનાવશે.

## રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશનનો શુભારંભ

- પશ્ચિમ બંગાળમાં સ્થાયી, રસાયણ-મુક્ત ખેતીને પ્રોત્સાહન આપવા માટે 'રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશન'નો શુભારંભ.
- વર્ષ 2026-27 માટે મંજૂર થયેલી વાર્ષિક કાર્ય યોજના અંતર્ગત, રાજ્ય 17,300 હેક્ટરમાં ફેલાયેલા 346 પ્રાકૃતિક કૃષિ ક્લસ્ટર સ્થાપિત કરશે.
- જૈવ-ઈનપુટ સંસાધન કેન્દ્રો બનાવવામાં આવશે. પર્યાવરણને અનુકૂળ ખેતી પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા માટે 'કૃષિ સખીઓ'ને સક્રિય કરવામાં આવશે.
- એકીકૃત કૃષિ વિકાસની દિશામાં એક મહત્વપૂર્ણ કદમ ઉઠાવતા, પશ્ચિમ બંગાળમાં 'પ્રધાનમંત્રી ધન-ધાન્ય કૃષિ યોજના' (PMDDKY) નું અમલીકરણ પણ શરૂ કરવામાં આવ્યું છે.

## રાજ્યને વિકાસ પરિયોજનાઓની ભેટ

- દક્ષિણ 24 પરગણાના ફ્રેઝરગંજમાં આધુનિક અને ક્ષમતા-વિસ્તારિત મત્સ્ય બંદર (ફિશિંગ હાર્બર) અને બીરભૂમના સૈંથિયામાં નવનિર્મિત આધુનિક માછલી બજારનું ઉદ્ઘાટન
- નાદિયા જિલ્લાના હરિંગહાટામાં બકરાઓ માટે સ્થાપિત પ્રાદેશિક વીર્ય ઉત્પાદન પ્રયોગશાળા અને વીર્ય બેંકનું પણ ઉદ્ઘાટન
- આશરે 590 કરોડ રૂપિયાની મહત્વપૂર્ણ રેલવે યોજનાઓનો શિલાન્યાસ કર્યો અને તેમને રાષ્ટ્રને સમર્પિત કરી.
- હાવડામાં સંકાઈલ-સંતરાગાછી લિંક લાઈન પ્રોજેક્ટ રાષ્ટ્રને સમર્પિત.
- હાવડામાં 300 બેડ ધરાવતી ડિવિઝનલ રેલવે હોસ્પિટલનો શિલાન્યાસ.
- પૂર્વ મેદિનીપુર જિલ્લામાં હૌર અને રાધામોહનપુર વચ્ચે બનનારા ઓવરબ્રિજની પણ આધારશિલા રાખી.
- પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના (PMGSY-III) અંતર્ગત વિકસિત 49 સડક ઈન્ફ્રાસ્ટ્રક્ચર યોજનાઓનું ઉદ્ઘાટન.

## પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિનો 23મો હપ્તો જારી



પશ્ચિમ બંગાળમાં આયોજિત કાર્યક્રમ દરમિયાન પીએમ મોદીએ પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિનો 23મો હપ્તો જારી કર્યો હતો. આ હપ્તા અંતર્ગત, દેશભરના નવ કરોડથી વધુ ખેડૂતોના બેંક ખાતામાં 18,880 કરોડ રૂપિયાથી વધુની રકમ હસ્તાંતરિત કરવામાં આવી. માત્ર પશ્ચિમ બંગાળમાં જ 45 લાખથી વધુ લાભાર્થીઓના ખાતામાં 900 કરોડ રૂપિયાથી વધુની રકમ જમા કરવામાં આવી, જેનાથી રાજ્યમાં આ યોજના અંતર્ગત કુલ વિતરણ રકમ 15,000 કરોડ રૂપિયાથી વધુ થઈ ગઈ છે. 2019માં યોજનાની શરૂઆત થયા બાદથી કુલ વિતરિત રકમ 4.46 લાખ કરોડ રૂપિયાથી વધુ થઈ ગઈ છે. પીએમ મોદીએ કહ્યું કે તેનાથી કરોડો ખેડૂત પરિવારોને આર્થિક ટેકો મળશે અને તેમના જીવનમાં ખુશહાલી વધશે.

રહ્યો છે. આ પાયાના બે અભિન્ન અંગ છે - ઈમાનદાર અને પારદર્શી શાસન! અને બીજું - કાયદાનું શાસન. માત્ર પશ્ચિમ બંગાળ જ નહીં, સમગ્ર દેશ આજે આ બદલાવ જોઈ રહ્યો છે. પીએમ મોદીએ કાર્યક્રમમાં કહ્યું કે જે યોજનાઓને રસ્તામાં જ અટકાવી-લટકાવી દેવામાં આવી હતી, આજે તે તમામ અવરોધો તોડીને જનકલ્યાણ શિબિરો દ્વારા દરેક સરકારી યોજનાનો લાભ સીધો તમારા સુધી પહોંચાડવામાં આવી રહ્યો છે. ■




# પૂર્વ ભારતમાં વિકાસ અને સમૃદ્ધિ

## પ્રવેશ-દ્વારના રૂપમાં ઉભરી રહ્યું 'ઓડિશા'

*'ભારતના વિકાસ માટે પૂર્વ ભારતનો વિકાસ' - સરકારની આ નીતિ પૂર્વીય રાજ્યોની વિશાળ સંભાવનાઓને સામે લાવી રહી છે. સરકાર રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રાજમાર્ગો, આર્થિક કોરિડોર, બંદરો, ઊર્જા, સેમીકન્ડક્ટર અને ગ્રીન એનર્જીથી લઈને આધુનિક ઉદ્યોગોમાં રેકોર્ડ રોકાણ કરી રહી છે. આ ક્રમમાં, 20મી જૂને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્તમાન ઓડિશા સરકારના બે વર્ષ પૂરા થવા પર મયુરભંજ જિલ્લામાં આયોજિત કાર્યક્રમમાં 47,000 કરોડ રૂપિયાની વિકાસ પરિયોજનાઓનું ઉદઘાટન અને શિલાન્યાસ કર્યું...*

ઓડિશા સરકારના બે વર્ષ પૂરા થવા પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે રોકાણ, રોજગાર અને જન-કલ્યાણકારી યોજનાઓથી રાજ્યનો ઝડપથી વિકાસ થઈ રહ્યો છે અને લોકોનું જીવન બદલાઈ રહ્યું છે. પ્રધાનમંત્રી મોદીએ 47 હજાર કરોડની જે પરિયોજનાઓનું ઉદઘાટન અને શિલાન્યાસ કર્યું, તેનાથી લોકો માટે પરિવહન સંપર્ક, જાહેર સેવાઓ, આર્થિક અવસરો અને જીવનની ગુણવત્તામાં સુધારો આવવાની આશા છે. પીએમ મોદીએ કહ્યું કે પહાડપુર ગામને સૌર ગામ તરીકે વિકસિત કરવામાં આવશે અને દરેક ઘરમાં સૌર ઊર્જા ઉત્પાદન સુનિશ્ચિત કરવામાં આવશે.

ઓડિશાના પ્રસિદ્ધ કોણાર્ક સૂર્ય મંદિરનું ઉદાહરણ આપતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે પહાડપુર એક મોડેલ સૌર ઊર્જા સંચાલિત ગામ તરીકે ઉભરી આવશે. સરકાર ઓડિશાના સંસાધનોને વિકાસ અને સમૃદ્ધિની તકોમાં બદલી રહી છે. તેમણે 'ઉત્કર્ષ ઓડિશા' જેવી પહેલનો ઉલ્લેખ કર્યો. આ સાથે જ કહ્યું કે તેનો ઉદ્દેશ્ય મોટા પાયે રોકાણ આકર્ષવાનો છે, જેથી સમગ્ર રાજ્યમાં ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન આપી શકાય. આ

> **આદિવાસી સમાજના ઉત્થાન માટે અમે આદિવાસી યુવાનોને શિક્ષણ અને રોજગારની તકો સાથે જોડી રહ્યા છીએ. આ બાળકોને અભ્યાસની બહેતર સુવિધાઓ મળે... તે માટે દેશમાં લગભગ 500 એકલવ્ય મોડલ સ્કૂલ ખોલવામાં આવી છે.**
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ નિહાળવા માટે QR કોડ સ્કેન કરો



## જનજાતીય સમુદાયનો આ યોજનાઓથી થઈ રહ્યો છે વિકાસ...

- એનીમિયા બીમારીની વિરુદ્ધ દેશવ્યાપી અભિયાન.
- જલ જીવન મિશન દ્વારા સુરક્ષિત પેયજળની વ્યવસ્થા.

**500** જેટલી એકલવ્ય મોડલ આવાસીય સ્કૂલ સ્થાપિત કરાશે

**750** એકલવ્ય સ્કૂલને મંજૂરી આપવામાં આવી

**1.5 કરોડ** થી વધુ જનજાતીય વિદ્યાર્થીઓને પ્રિ-મેટ્રિક તથા પોસ્ટ-મેટ્રિક સ્તર પર શિષ્યવૃત્તિ

## મહત્વપૂર્ણ પરિયોજનાઓનો શિલાન્યાસ

- 600 મેગાવોટની અપર ઈન્દ્રાવતી પમ્પ સ્ટોરેજ પરિયોજના.
- આઈબી થર્મલ પાવર સ્ટેશનની ચરણ-II વિસ્તાર પરિયોજના, જેમાં 660 મેગાવોટના બે એકમો છે.
- ઝારસુગુડા જિલ્લાના લખનપુરમાં ભારત કોલ ગેસિફિકેશન એન્ડ કેમિકલ્સ લિમિટેડ પરિયોજના.
- નુઆપાડાથી ઘાટીપાડા સુધી એનએચ-353 (NH-353) ના એક ખંડનું ચાર લેનમાં નિર્માણ.
- કુસુમદિહી મેગા લિફ્ટ સિંચાઈ પરિયોજના.
- ઈગ્નુ (IGNOU) પ્રાદેશિક કેન્દ્ર અને રાયરંગપુરમાં ઈન્ડોર બેડમિન્ટન કોમ્પ્લેક્સ.

## મહત્વપૂર્ણ પરિયોજનાઓનું ઉદઘાટન

- બૌધમાં 300 પથારીવાળું જિલ્લા મુખ્યાલય હોસ્પિટલ ભવન.
- ઓડિશાના વિવિધ જિલ્લાઓમાં 24 અટલ બસ સ્ટેન્ડ અને નવ સ્વચાલિત પરીક્ષણ કેન્દ્ર.
- NH-57 પર નયાગઢ ટાઉન બાયપાસ, કુસુમી સ્માર્ટ સિંચાઈ પરિયોજના.
- રાયરંગપુરમાં ખેલ પરિસર અને જનજાતીય અનુસંધાન કેન્દ્ર.

## રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીનો પ્રવાસ

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મયુરભંજ જિલ્લાના પહાડપુર ગામની મુલાકાત લીધી. રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ પવિત્ર સ્થળો 'સંથાલી જાહેરા' અને 'હો જાહેરા'માં પૂજા-અર્ચના કરી. રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ ઓડિશા સરકારના બે વર્ષ પૂરા થવાના ઉપલક્ષમાં આયોજિત એક કાર્યક્રમમાં ભાગ લીધો. કાર્યક્રમની થીમ 'વિકાસ રા ધારા, ઓડિશા સારા' (વિકાસની ધારા, આખું ઓડિશા) રહી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને જન્મદિવસની શુભેચ્છાઓ આપતાં પીએમ મોદીએ તેમના મયુરભંજની માટીથી દેશના સર્વોચ્ચ બંધારણીય પદ સુધીના સફરને ઓડિશા અને દેશ માટે ગર્વનો વિષય ગણાવ્યો.

પહેલ હેઠળ, ઓડિશાએ પહેલેથી જ લગભગ 20 લાખ કરોડ રૂપિયાના રોકાણ પ્રસ્તાવ પ્રાપ્ત કરી લીધા છે. સાથે જ જેમની કિંમત 3.5 લાખ કરોડ રૂપિયાથી વધુ છે તેવી ઘણી મોટી પરિયોજનાઓના પર હાલમાં કામ ચાલી રહ્યું છે. વીજળીના ક્ષેત્રમાં 6,000 કરોડ રૂપિયાથી વધારેનું રોકાણ કરવામાં આવી રહ્યું છે. સંચાલિત ગામ તરીકે ઉભરી આવશે. સરકાર ઓડિશાના સંસાધનોને વિકાસ અને સમૃદ્ધિની તકોમાં બદલી રહી છે. તેમણે 'ઉત્કર્ષ ઓડિશા' જેવી પહેલનો ઉલ્લેખ કર્યો. આ સાથે જ કહ્યું કે તેનો ઉદ્દેશ્ય મોટા પાયે રોકાણ આકર્ષવાનો છે, જેથી સમગ્ર રાજ્યમાં ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન આપી શકાય. આ પહેલ હેઠળ, ઓડિશાએ પહેલેથી જ લગભગ 20 લાખ કરોડ રૂપિયાના રોકાણ પ્રસ્તાવ પ્રાપ્ત કરી લીધા છે. સાથે જ જેમની કિંમત 3.5 લાખ કરોડ રૂપિયાથી વધુ છે તેવી ઘણી મોટી પરિયોજનાઓના પર હાલમાં કામ ચાલી રહ્યું છે. વીજળીના ક્ષેત્રમાં 6,000 કરોડ રૂપિયાથી વધારેનું રોકાણ કરવામાં આવી રહ્યું છે. ■

12મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસનું આયોજન

## સૌને જોડતો, સૌને સાથે લાવતો

# યોગ



પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ નિહાળવા માટે QR કોડ સ્કેન કરો



સંસદ ભવન પરિસરમાં લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા તથા અન્ય 12મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે યોગ કરી રહ્યા છે

***ભારતની હજારો વર્ષ પુરાણી યોગ પરંપરા આજે આખી દુનિયા માટે નવી આશા બની ચૂકી છે. તે માનવતાને સ્વસ્થ, સંતુલિત અને શાંત જીવનનો માર્ગ દર્શાવે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પહેલથી શરૂ થયેલો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ હવે વૈશ્વિક જનઆંદોલનનું રૂપ લઈ ચૂક્યો છે. પશ્ચિમ બંગાળના કોલકાતા સ્થિત રેડ રોડથી 12મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસના રાષ્ટ્રીય આયોજનનું નેતૃત્વ પીએમ મોદીએ કર્યું, જેમાં તેમણે કહ્યું કે યોગ બધાને જોડે છે અને સાથે લાવે છે...***

ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે યોગ વિશે કહ્યું છે - "યુક્તાહાર વિહારસ્ય યુક્ત ચેષ્ટસ્ય કર્મસુ। યુક્ત સ્વપ્ન અવ બોધસ્ય યોગો ભવતિ દુઃખહા।।" અર્થાત્, સંતુલિત આહાર-વિહારથી, સંતુલિત ક્રિયાઓ અને કર્મોથી તથા સંતુલિત નિદ્રા અને જાગરણથી યોગ દુઃખોનો નાશ કરનારું બની જાય છે. આ સંતુલન જ યોગનો આધાર છે. આ સંતુલન જ આપણા જીવનનો પણ આધાર છે. પરંતુ, આજના આધુનિક સમયમાં મોટા ભાગના લોકો જીવનના અસંતુલન સામે જ ઝઝૂમી રહ્યા છે અને તેમને ખૂબ જ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. યોગ આપણને જીવનને સંતુલિત રીતે જીવવાની કળા શીખવે છે. ... યોગ આપણને શું કરવું અને શું

## 12મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસના રાષ્ટ્રીય આયોજનનું પીએમ મોદીએ નેતૃત્વ કર્યું


- કોલકાતાના રેડ રોડ પર 12મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસનું રાષ્ટ્રીય આયોજન.
- યોગ અભ્યાસકર્તાઓ સાથે કોમન યોગ પ્રોટોકોલ સત્રમાં પીએમ મોદીએ ભાગ લીધો.
- આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 2026નો વિષય, 'સ્વસ્થ વૃદ્ધાવસ્થા માટે યોગ'.
- આ વિષય જીવન પ્રત્યાશામાં વૃદ્ધિ અને સ્વસ્થ, સક્રિય તથા ગરિમાપૂર્ણ વૃદ્ધાવસ્થા પર આધારિત છે.
- વર્ષ 2015માં તેની સ્થાપના થઈ ત્યારથી સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ 21મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવાના ભારતના પ્રસ્તાવને અપનાવ્યો.


**યોગ દિવસ સમારંભ વિશ્વભરમાં લગભગ**

**2,500** સ્થળો પર આયોજિત કરાયો જેમાંથી 210થી વધુ દુતાવાસોની ભાગીદારી રહી

- નવી દિલ્હી, ચંદીગઢ, લખનૌ, મૈસૂર, ન્યૂયોર્ક (સંયુક્ત રાષ્ટ્રનું મુખ્યાલય), શ્રીનગર અને વિશાખાપટનમ સહિત વિવિધ સ્થળો પર મુખ્ય સમારંભનું આયોજન થયું.







રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ તથા ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ યોગ કર્યો



ઉત્તરાખંડના ઋષિકેશમાં પવિત્ર પરમાર્થ ઘાટ પર લોકોએ યોગ કર્યો

ન કરવું તે શીખવે છે, અને જ્યારે આપણે શરીરને યોગ્ય રીતે ચલાવતા શીખી જઈએ છીએ, ત્યારે આપણે સ્વસ્થ રહીએ છીએ. પશ્ચિમ બંગાળના કોલકાતામાં આયોજિત 12મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ સમારોહમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે યોગ માત્ર આપણા શારીરિક સ્વાસ્થ્ય પર જ ધ્યાન કેન્દ્રિત કરતું નથી, પરંતુ યોગ માનસિક સ્વાસ્થ્ય શારીરિક સ્વાસ્થ્યનો માર્ગ બતાવે છે. આથી જ, યોગના વિષયમાં "युक्त चेष्टस्य कर्मसु" (યુક્ત ચેષ્ટસ્ય કર્મસુ) કહેવામાં આવ્યું છે. એટલે કે, આપણે શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ તેનું જ્ઞાન. આ જ્ઞાન આપણા જીવનમાં શાંતિનો સ્ત્રોત તો બને જ છે, સાથે જ તે વિશ્વ શાંતિનો માર્ગ પણ ખોલે છે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસના અવસર પર કરોડો લોકો યોગ સાથે જોડાય છે. આ અવસરે પીએમ મોદીએ કહ્યું કે આજનો આ

***"જ્યારે સમાજ સ્વસ્થ હશે, ત્યારે રાષ્ટ્ર પણ વધુ સક્ષમ, વધુ સમૃદ્ધ અને આત્મવિશ્વાસી બનશે. હું આપ સૌના માટે કામના કરું છું, 'સર્વે ભવન્તુ સુખિનઃ, સર્વે સન્તુ નિરામયાઃ' (સૌ સુખી થાઓ, સૌ નિરોગી થાઓ). આ સાથે જ આપ સૌને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ."***

***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***



નવી દિલ્હી સ્થિત હુમાયુ મકબરાપરિસરમાં યોગ કરી રહેલા લોકો



ભારતીય નૌકા સેનાએ અનોખી રીતે પાણીની નીચે યોગ કર્યો



ભારતીય નૌકા સેનાની શિપ સુદર્શિનીએ અમેરિકાના વર્જિનિયા રાજ્યના નોરફોકમાં ટોલ શિપ પર એક યોગ સત્રનું આયોજન કર્યું



ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણન લેહમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ સમારંભમાં સામેલ થયા

દિવસ આપણા સહિયારા સંકલ્પને ફરીથી દોહરાવવાની તક આપે છે. ચાલો, આપણે સંકલ્પ લઈએ કે યોગને માત્ર એક દિવસ સુધી મર્યાદિત નહીં રાખીએ, યોગને માત્ર એક કાર્યક્રમ સુધી મર્યાદિત નહીં રાખીએ. યોગને આપણા જીવનનો હિસ્સો બનાવીશું. આપણા પરિવારનો હિસ્સો બનાવીશું. આપણી આવનારી પેઢીઓનો હિસ્સો બનાવીશું.■






# નિષ્ઠા અને સમર્પણને નમન

**વીતેલા કેટલાક વર્ષોમાં પદ્મ પુરસ્કારોએ લુટિયન્સ દિલ્હીના ગલીયારાઓમાંથી નીકળીને ભારતના સુદૂર ગામડાઓ અને જંગલો સુધીનો સફર નક્કી કર્યો છે. આજનો 'પદ્મ સન્માન' સાચા અર્થમાં 'પિપલ્સ પદ્મ' બની ચૂક્યો છે, જ્યાં ઓળખનો આધાર કોઈ રૂઆબ કે વગ નથી, પરંતુ સમાજના અંતિમ પગથીયા પર ઊભેલી વ્યક્તિના જીવનમાં લાવવામાં આવેલો સકારાત્મક બદલાવ છે. પદ્મ સન્માન મેળવનારા લોકો આ વાતના જીવંત પ્રમાણ છે કે પ્રતિભા અને સેવા કોઈ ખાસ પરિવેશને આધીન હોતી નથી. આ વિશેષ લેખમાં અમે દેશના તે 'નાયકો'ની પ્રેરક ગાથાઓ જણાવી રહ્યા છીએ, જેમણે દેશનું મસ્તક ઊંચું કર્યું છે...**

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ 23મી જૂનના રોજ રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત નાગરિક અલંકરણ સમારોહ-II માં વર્ષ 2026 માટે પદ્મ વિભૂષણ, પદ્મ ભૂષણ અને પદ્મ શ્રી પુરસ્કાર પ્રદાન કર્યા. બીજા તબક્કાના આ અલંકરણ સમારોહમાં બે પદ્મ વિભૂષણ, સાત પદ્મ ભૂષણ અને 57 પદ્મ શ્રી સન્માન એનાયત કરવામાં આવ્યા. કેન્દ્ર સરકારે આ જ વર્ષે 25મી જાન્યુઆરીએ સંયુક્ત રીતે 131 પદ્મ પુરસ્કાર વિજેતાઓના નામની જાહેરાત કરી હતી, પ્રથમ તબક્કાનો અલંકરણ સમારોહ 25મી મે, 2026ના રોજ યોજાયો હતો.

સન્માન સમારંભનો સંપૂર્ણ કાર્યક્રમ નિહાળવા માટે QR કોડ સ્કેન કરો



## પદ્મ વિભૂષણ



### પી. નારાયણન

નારાયણજીના નામથી લોકપ્રિય પી. નારાયણન રાષ્ટ્રવાદી પત્રકારિતાના દિગ્ગજ અને એક મહત્વપૂર્ણ સામાજિક-રાજનીતિક સંગઠનકર્તા છે. નારાયણજીએ કેરળમાં ક્યારેક હાંસિયામાં રહેલી વિચારધારાને વ્યક્ત કરવા માટે પોતાનું જીવન સમર્પિત કરી દીધું હતું. 1936ની 28મી મેના રોજ કેરળના થોડુપૂઝાના માનકડમાં જન્મેલા નારાયણનનું શિક્ષણ મહાત્મા ગાંધી કોલેજ અને યુનિવર્સિટી કોલેજ, તિરુવનંથપુરમમાં થયું હતું. તેમની રાજનીતિક યાત્રા તેમના વિદ્યાર્થી જીવનના દિવસોમાં શરૂ થઈ જ્યારે તેઓ આરએસએસમાં સામેલ થયા. તેમણે મુખ્ય રૂપથી ઉત્તર અને મધ્ય કેરળમાં પ્રચારક તરીકે સેવા આપતા પોતાનું જીવન સમર્પિત કર્યું હતું. પત્રકારિતાથી પર, નારાયણને એક વિદ્વાન લેખક અને એક દક્ષ અનુવાદક તરીકે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

### ન્યાયમૂર્તિ (સેવાનિવૃત્ત) કે. ટી. થોમસ

ન્યાયમૂર્તિ (સેવાનિવૃત્ત) કે. ટી. થોમસ ભારતના સર્વોચ્ચ ન્યાયાલયના સેવાનિવૃત્ત ન્યાયાધીશ છે. 1937ની 30મી જાન્યુઆરીના રોજ જન્મેલા થોમસે તેમનું કોલેજ શિક્ષણ સી.એમ.એસ. કોલેજ, કોટ્ટાયમમાં પ્રાપ્ત કર્યું હતું. તેમને 1985માં કેરળ ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેમને 1995માં કેરળ ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશ (કાર્યકારી) તરીકે નામાંકિત કરવામાં આવ્યા હતા. માર્ચ 1996માં, તેમની સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. તેઓ વર્ષ 2002માં સર્વોચ્ચ ન્યાયાલયમાંથી સેવાનિવૃત્ત થયા. થોમસને ફોજદારી કાયદા, પોલીસ સુધારા અને ખાનગી વ્યવસાયિક શિક્ષણ ક્ષેત્રોમાં ભ્રષ્ટાચાર સામેની લડાઈમાં તેમના યોગદાન માટે ઓળખવામાં આવે છે. થોમસને વર્ષ 2007માં પદ્મ ભૂષણથી સન્માનિત કરવામાં આવ્યા હતા.






## પદ્મ ભૂષણ



## ડૉ. વિજય અમૃતરાજ

ડૉ. વિજય અમૃતરાજ ભારતના મહાન ટેનિસ ખેલાડીઓ પૈકીના એક છે. 1953ની 14મી ડિસેમ્બરે ચેન્નાઈમાં જન્મેલા ડૉ. વિજયે 14 વર્ષની ઉંમરથી જ જુનિયર સ્પર્ધાઓમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવાનું શરૂ કરી દીધું હતું. તેમણે પોતાની કારકિર્દી દરમિયાન ઘણી યાદગાર જીત નોંધાવી છે. તેઓ ભારતીય રમતોમાં એક પ્રતિષ્ઠિત હસ્તી રહ્યા છે. ડૉ. વિજયને તેમના કાર્યો અને યોગદાન માટે વર્ષ 1983માં ભારત સરકાર દ્વારા પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમને વર્ષ 2022માં ઈન્ટરનેશનલ ટેનિસ હોલ ઓફ ફેમ અને ઈન્ટરનેશનલ ટેનિસ ફેડરેશનના સર્વોચ્ચ સન્માન 'ગોલ્ડન અચીવમેન્ટ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેઓ આજે પણ વિવિધ મંચો પર પોતાના વિચારો વ્યક્ત કરતા રહે છે અને તે મૂલ્યોની વકાલત કરે છે જે હંમેશા તેમની નજીક રહ્યા છે, જેમ કે ભારતની ઉત્કૃષ્ટતા, અખંડિતતા અને દ્રઢ માન્યતા.

## ડૉ. એસ.કે.એમ. મૈલિયાનંદન

એસ.કે.એમ. કંપની ગ્રૂપના કારોબારી અધ્યક્ષ ડૉ. એસ.કે.એમ. મૈલિયાનંદન એક પ્રસિદ્ધ ઉદ્યોગપતિ હોવાની સાથે સાથે વિવિધ સામાજિક કલ્યાણ ટ્રસ્ટોના સ્થાપક અને એક ગ્રાહક કાર્યકર્તા છે. તેઓ સમગ્ર વિશ્વમાં યોગ અને ધ્યાનનો પ્રસાર કરવાની સાથે નિઃસ્વાર્થ સેવા માટે જાણીતા છે. 1945ની 18મી મેના રોજ તામિલનાડુના ઈરોડ જિલ્લામાં જન્મેલા ડૉ. મૈલિયાનંદને માત્ર શાળાકીય શિક્ષણ જ મેળવ્યું છે. તેમણે ગ્રામીણ વિસ્તારોમાં શિક્ષિત અને અશિક્ષિત લોકો માટે સ્વરોજગારનું બીડું ઝડપ્યું અને વર્ષભર રોજગારીની તકો પૂરી પાડી. તેમણે બજાર અને મૂલ્ય નિર્ધારણમાં ખેડૂતોની સમસ્યાઓનો અભ્યાસ અને વિશ્લેષણ કર્યું તથા પોલ્ટ્રી ક્ષેત્રમાં આવતી બીમારીઓને રોકવા માટે ઘણી સંગોષ્ઠિઓ અને બેઠકોનું આયોજન કર્યું. તેમને 2013માં સામાજિક કાર્ય માટે પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવ્યા હતા.





## પદ્મ ભૂષણ



### મમ્મૂટી

મોહમ્મદ કુટ્ટી પન્નાપરામ્બિલ ઈસ્માઈલને મમ્મૂટી તરીકે ઓળખવામાં આવે છે. તે એક ભારતીય ફિલ્મ અભિનેતા અને નિર્માતા છે. તેઓ દક્ષિણ ભારતીય ભાષાની સિનેમામાં સક્રિય છે, પરંતુ મુખ્યત્વે મલયાલમ ફિલ્મ ઉદ્યોગમાં કામ કરે છે. 1951ની સાતમી સપ્ટેમ્બરના રોજ જન્મેલા મમ્મૂટીના પિતા એક ખેડૂત હતા, જેમની જડો કૃષિ અને ગ્રામીણ જીવનમાં ઊંડે સુધી પહોંચેલી હતી. પાંચ દાયકાની કારકિર્દીમાં મમ્મૂટીએ 400થી વધુ ફિલ્મોમાં અભિનય કર્યો છે, જેમાં મુખ્યત્વે મલયાલમની સાથે સાથે ઘણી તમિળ, તેલુગુ, કન્નડ, હિન્દી અને અંગ્રેજી ફિલ્મો પણ સામેલ છે. તેમને ભારતીય સિનેમાના મહાનતમ અભિનેતાઓ પૈકીના એક માનવામાં આવે છે. સિનેમામાં પોતાના યોગદાન ઉપરાંત, તેમણે માનવીય પ્રયાસો અને સામુદાયિક વિકાસમાં સક્રિયપણે યોગદાન આપ્યું છે. ફિલ્મો અને કલામાં યોગદાન માટે તેમને વર્ષ 1998માં પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

### વેલ્લાપલ્લી નટેસન

વેલ્લાપલ્લી નટેસન કેરળના એક પ્રમુખ સામાજિક નેતા અને પ્રતિષ્ઠિત વ્યક્તિ છે. તેઓ શ્રી નારાયણ ધર્મ પરિપાલન (SNDP) યોગમના મહાસચિવ અને શ્રી નારાયણ ટ્રસ્ટના સચિવ પણ છે. 1937ની દસમી સપ્ટેમ્બરના રોજ કેરળના અલાપ્પુઝા જિલ્લાના કનિચિકુલંગરામાં જન્મેલા નટેસન, પછાત વર્ગોની સામાજિક અને શૈક્ષણિક ઉન્નતિ માટે પ્રતિબદ્ધ એક પ્રમુખ નેતા તરીકે ઉભરી આવ્યા. નટેસને શ્રી નારાયણ ગુરુ દ્વારા વર્ષ 1903માં સ્થાપિત SNDP યોગમ આંદોલનને નવી ઊર્જા આપી. તેમના નેતૃત્વમાં, વર્ષ 1996 પછી સંગઠનનો વિસ્તાર વ્યાપક જમીની સ્તર પર પહોંચ્યો અને તે એક આધુનિક સામાજિક-આર્થિક આંદોલન તરીકે વિકસિત થયું. તેમના નેતૃત્વ હેઠળ શાખાઓની સંખ્યા 3,000થી વધીને 6,000થી વધુ થઈ ગઈ. નટેસને શાખા સ્તર પર પરિવાર એકમોની પણ શરૂઆત કરી અને સંગઠનને દરેક ઘર સુધી પહોંચાડ્યું.








## ડૉ. દત્તાત્રેયુડુ નોરી

ડૉ. દત્તાત્રેયુડુ નોરી આંતરરાષ્ટ્રીય સ્તરે એક પ્રશંસિત ઓન્કોલોજિસ્ટ (કેન્સર નિષ્ણાત), અગ્રણી ચિકિત્સક અને એક મહત્વપૂર્ણ બુદ્ધિજીવી વ્યક્તિ છે. ચાર દાયકાથી વધુની તેમની કારકિર્દી દરમિયાન, તેમણે ન્યૂયોર્કમાં વિશ્વ પ્રસિદ્ધ કોર્નેલ મેડિકલ સેન્ટરમાં ઓન્કોલોજીના પ્રોફેસર અને અધ્યક્ષ તથા કેન્સર કેન્દ્રના નિર્દેશક તરીકે કાર્ય કર્યું છે. કેન્સરની ઘણી ઉપચાર તકનીકો વિકસાવવામાં અગ્રણી ભૂમિકા ભજવવા માટે તેમને વ્યાપકપણે ઓળખવામાં આવે છે. તેનાથી સારવારના દરોમાં નોંધપાત્ર સુધારો થયો અને વૈશ્વિક સ્તરે દર્દીઓના જીવન બચાવવામાં મદદ મળી. 1947ની 18મી ઓક્ટોબરના રોજ જન્મેલા ડૉ. નોરીએ કેન્સર કેન્દ્રોની સ્થાપના માટે વિવિધ સરકારો અને ખાનગી સંગઠનો સાથે મળીને પોતાની વિશેષજ્ઞતા શેર કરી હતી. ભારત સરકારે ચિકિત્સા ક્ષેત્રે તેમના યોગદાન બદલ વર્ષ ૨૦૧૫માં તેમને પદ્મશ્રીથી સન્માનિત કર્યા હતા.

## શિબુ સોરેન (મરણોત્તર)

શ્રદ્ધાપૂર્વક "દિશોમ ગુરુ" તરીકે ઓળખાતા શિબુ સોરેન ભારતના અગ્રણી આદિવાસી જનનેતા, સમાજ સુધારક અને ઝારખંડ આંદોલનના મુખ્ય શિલ્પકારો પૈકીના એક હતા. તેઓ આદિવાસી સમુદાયોની ગરિમા, ઓળખ, ન્યાય અને સ્વશાસન સાથે સંબંધિત લાંબા ગાળાની આકાંક્ષાઓના સુદ્રઢ, નૈતિક અને રાજકીય પ્રવક્તા હતા. તેમનું જીવન જળ, જંગલ અને જમીનના નૈતિક સંરક્ષણના સિદ્ધાંતની સ્થાયી અભિવ્યક્તિનું પ્રતીક રહ્યું છે. 1944ની 11મી જાન્યુઆરીના રોજ ઝારખંડના રામગઢ જિલ્લાના નેમરા ગામમાં જન્મેલા સોરેન એક સામાન્ય સંથાલ આદિવાસી પરિવારમાંથી આવે છે. તેમણે ત્રણ વખત ઝારખંડના મુખ્યમંત્રી અને કેન્દ્રીય કોલસા મંત્રી તરીકે પણ કામ કર્યું હતું. લાખો લોકો માટે સોરેન માત્ર એક રાજનેતા જ નહીં, પરંતુ સ્મૃતિ, પ્રતિરોધ અને આશાના રક્ષક હતા. તેમણે આદિવાસી અધિકારો, સામાજિક ન્યાય, લોકશાહી મૂલ્યો અને પ્રાકૃતિક સંસાધનો પર સ્થાનિક સમુદાયોના અધિકારોની સતત વકીલાત કરી હતી. શિબુ સોરેનનું 2025ની ચોથી ઓગસ્ટના રોજ નિધન થયું હતું.





## અલકા યાજ્ઞિક

અલકા યાજ્ઞિક ભારતનાં એક પ્રસિદ્ધ પાર્શ્વગાયિકા છે. ચાર દાયકાથી વધુની ગાયન યાત્રામાં, તેમના મધુર સ્વર, કલાત્મક ઉત્કૃષ્ટતા અને નિરંતર સમર્પણને ભારતીય સિનેમા અને સાંસ્કૃતિક વિરાસતને અત્યંત સમૃદ્ધ કરી છે. તેમણે પોતાની માતા શુભા યાજ્ઞિકના માર્ગદર્શનમાં ભારતીય શાસ્ત્રીય સંગીતનું પ્રારંભિક પ્રશિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. 1960ની 20મી માર્ચના રોજ કોલકાતામાં જન્મેલા યાજ્ઞિકે એક એવા સમૃદ્ધ શાસ્ત્રીય સંગીતના પાયા સાથે પોતાની સંગીત યાત્રા શરૂ કરી, જેણે તેમની વિશિષ્ટ કલાત્મક સંવેદનશીલતા અને મધુર ઓળખને આકાર આપ્યો. યાજ્ઞિક યુટ્યુબ પર અત્યાર સુધીના સૌથી લોકપ્રિય સંગીત કલાકાર છે. યાજ્ઞિકને ભારતીય સંગીતમાં વિશિષ્ટ યોગદાન માટે અનેક પ્રતિષ્ઠિત સન્માન અને પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવી ચૂક્યા છે. દાયકાઓથી તેમની નિરંતર કલાત્મક ઉપલબ્ધિઓ અને નિરંતર લોકપ્રિયતા તેમની અસાધારણ પ્રતિભા અને કલા પ્રત્યેની તેમની અતૂટ પ્રતિબદ્ધતાનો પ્રમાણ રહી છે.




# ભારત

## ગ્લોબલ સાઉથની આકાંક્ષાઓ અને અપેક્ષાઓનો સશક્ત અવાજ

*સરકારની નીતિઓ અને દૂરદર્શી નેતૃત્વએ વિશ્વભરમાં ભારતનું માન વધાર્યું છે. આજે ભારત હવે માત્ર પોતાની જ નહીં પરંતુ 'ગ્લોબલ સાઉથ ' (વિકાસશીલ અને ગરીબ દેશો)ની આશાઓ અને જરૂરિયાતોનો બુલંદ અવાજ બની ચૂક્યું છે. વિશ્વમાં ભારતની વધતી તાકાત અને શાખનું જ પ્રમાણ છે કે સતત આઠમી વખત જી-7 શિખર સંમેલનમાં નિમંત્રણ મળ્યું. આ ક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 13 થી 18 જૂન સુધી ફ્રાન્સ અને સ્લોવાકિયાના પ્રવાસ પર ગયા. આ દરમિયાન તેમણે અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સહિત અનેક વૈશ્વિક નેતાઓ સાથે મુલાકાત કરી અને પરસ્પર સહયોગની સાથોસાથ વિશ્વના મહત્વપૂર્ણ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરી...*

વૈશ્વિક સબંધોને મજબૂત કરવા અને વિશ્વની સામે ઊભેલા પડકારો પર ચર્ચા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 13 થી 18મી જૂન સુધી ફ્રાન્સ અને સ્લોવાકિયાના પ્રવાસ પર ગયા. ત્યાં તેમણે જી-7 શિખર સંમેલનમાં ભાગ લીધો અને અનેક વૈશ્વિક નેતાઓ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી. આ પ્રવાસ દરમિયાન પ્રધાનમંત્રી મોદીએ વિવાટેક સંમેલનમાં ભાગ લીધો જે યુરોપના પ્રૌદ્યોગિકી અને નવાચારનું સૌથી મોટું સંમેલન હતું. આ સંમેલનમાં ભારતનું સૌથી મોટું પેવેલિયન બનાવાયું હતું. આ ઉપરાંત પીએમ મોદી અને રાષ્ટ્રપતિ મેક્રોન 'ભારત ઈનોવેટ્સ 'માં પણ સામેલ થયા. પીએમ મોદીએ પેરિસમાં ભારતીય સમુદાયના લોકો સાથે પણ મુલાકાત કરી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 'સબ કા સાથ, સબ કા વિકાસ, સબ કા

> **જી-7ની પૂંજી, ભારતની પ્રતિભા અને ગ્લોબલ સાઉથના દેશોના સ્વામિત્વને જોડતા આપણે 'ઈન્ટરનેશનલ મોબિલાઈઝેશન પાર્ટનરશિપ ફોર એક્સિલરેટિંગ કનેક્ટિવિટી એન્ડ ટ્રેડ ' એટલે કે IMPACT, બનાવવા પર વિચારણા કરી શકીએ છીએ. તેનો ઉદ્દેશ્ય આવા મંચ બનાવવાનો હોવો જોઈએ, જે વ્યાપાર, પ્રૌદ્યોગિકી, ઊર્જા અને અવસરોને પરસ્પર જોડી શકે.**
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.

## પહેલી વખત કોઈ ભારતીય પ્રધાનમંત્રીનો સ્લોવાકિયાનો પ્રવાસ

ભારત અને સ્લોવાકિયાએ 1993માં રાજકીય સબંધ સ્થાપિત થયા બાદથી પારંપરિક મૈત્રી અને વિશ્વાસ, સમાનતા તથા પરસ્પર સન્માનના આધાર પર બહુ આયામી સહયોગ વિકસિત કર્યો છે. બંને દેશો વચ્ચે આર્થિક સહયોગ માટે વધુ સંભાવનાવાળા ક્ષેત્રોને ઓળખીને તેમને પ્રોત્સાહન આપવામાં 'ભારત-સ્લોવાકિયા સંયુક્ત આર્થિક સમિતિ'ની ભૂમિકાને વધુ મજબૂત બનવાવા અંગે સહમતિ સધાઈ. પીએમ મોદી અને સ્લોવાકિયાના પ્રધાનમંત્રીએ બેઠકમાં વધતા આર્થિક, વ્યાપારિક અને લોકોની વચ્ચે આદાન-પ્રદાનને સુગમ બનાવવા માટે સીધા હવાઈ સંપર્કની સંભાવનાઓ પણ શોધી કાઢવાને પ્રોત્સાહિત કર્યું. બંને નેતા, શિક્ષણ અને વિજ્ઞાનના ક્ષેત્રમાં પરસ્પર આદાન-પ્રદાનને અને વધુ મજબૂત બનાવવાના હેતુથી છાત્રો, શિક્ષાવિદો તેમ જ સંશોધનકર્તાઓના આવનજાવનને વેગ આપવા પર સહમત થયા.

## 'ઓર્ડર ઓફ ધ વ્હાઈટ ડબલ ક્રોસ, ફર્સ્ટ ક્લાસ' સન્માન

સ્લોવાકિયાના રાષ્ટ્રપતિ પીટર પેલેગ્રિનીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ત્યાંના સર્વોચ્ચ રાજકીય સન્માન 'ઓર્ડર ઓફ ધ વ્હાઈટ ડબલ ક્રોસ, ફર્સ્ટ ક્લાસ'થી સન્માનિત કર્યા. પીએમ મોદીએ આ પ્રતિષ્ઠિત સન્માન માટે સ્લોવાકિયાના રાષ્ટ્રપતિ અને ત્યાંના લોકો પ્રત્યે આભાર વ્યક્ત કર્યો. તેમણે આ સન્માનને ભારતના 1.4 અબજ લોકો તથા બંને દેશો મૈત્રીપૂર્ણ સબંધોને સમર્પિત કર્યું.

**પીએમ મોદીને અત્યાર સુધીમાં 34 દેશોએ પોતાનું સર્વોચ્ચ સન્માન આપ્યું છે.**





વિશ્વાસ, સબ કા પ્રયાસ'ના સિદ્ધાંતો પર આધારિત ભારતના સમાવેશી વિકાસનો ઉલ્લેખ કર્યો. ફ્રાન્સના એવિયનમાં આયોજિત જી-7 શિખર સંમેલનમાં પીએમ મોદીએ 'તમામ માટે સંતુલિત, સંયુક્ત અને ટકાઉ આર્થિક વિકાસ તરફ વધવા ' પર આયોજિત આઉટરીચ સત્રને પણ સંબોધિત કર્યું. જી-20ની અધ્યક્ષતામાં ભારતના સમાવેશી વિકાસનો મંત્ર 'ઈન્સ્યોરિંગ એ સેફ, રેપિડ એન્ડ એફિશિયન્ટ રોલ આઉટ ઓફ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ' વિષય પર આયોજિત સત્રને પણ સંબોધિત કર્યું. જી-20ની અધ્યક્ષતામાં ભારતના સમાવેશી વિકાસના મંત્ર 'એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય'ને આદર્શ વાક્યના રૂપે જોવાયું હતું. આ પ્રકારનો દ્રષ્ટિકોણ ભારત-પશ્ચિમ એશિયા-યુરોપ આર્થિક મંચની પરિકલ્પનાનો પણ આધાર રહ્યો છે. જેનો

***બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન સ્લોવાકિયાની મુક્તિમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવનારા બહાદૂર સૈનિકોને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શ્રધ્ધાંજલિ આપી.***

ઉદ્દેશ્ય આપૂર્તિ શ્રેણીઓને મજબૂત બનાવવા, રોકાણ અને રોજગારના અવસરોનું સર્જન કરવું તથા નવાચારને પ્રોત્સાહન આપવાનો છે. સંકટો અને સંઘર્ષોના વૈશ્વિક દક્ષિણના દેશો પર ગંભીર અને પ્રતિકૂળ પ્રભાવ પડ્યો છે. આ દેશો પર પડનારા બોજને ઓછો કરવા માટે આંતરરાષ્ટ્રીય એકજૂટતા અને સહયોગનું પીએમ મોદીએ આહવાન કર્યું. તેમણે સૂચન આપ્યું કે આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થાનોએ એવા સહાયતા તંત્ર વિકસિત કરવા

## ‘ભારત ઈનોવેટ્સ 2026’ કાર્યક્રમમાં પીએમ મોદીએ ભાગ લીધો

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુએલ મેક્રોને નીસમાં સંયુક્તરૂપે ‘ભારત ઈનોવેટ્સ 2026‘ નું ઉદઘાટન કર્યું. ‘ભારત ઈનોવેટ્સ‘માં ભારતીય ડીપ-ટેક સ્ટાર્ટઅપ, ઈનોવેટર્સ, રિસર્ચર અને ઈન્વેસ્ટર્સ, વૈશ્વિક ઈનોવેશન ફંડ્સ એક મંચ પર સાથે આવ્યા. વિશ્વભરના 350થી વધુ પ્રમુખ રોકાણકારો અને વેન્ચર કેપિટાલીસ્ટે ભાગ લીધો. પીએમ મોદીએ કહ્યું કે સ્ટાર્ટઅપનું આકલન માત્ર તેમના બજાર મુલ્યાંકનથી જ નહીં, પરંતુ માનવતા પર તેમના પ્રભાવથી થવું જોઈએ. તેમણે ક્વોંટમ કમ્પ્યુટિંગ, સેમિકન્ડક્ટર, જૈવ પ્રૌદ્યોગિકી, રક્ષા, અંતરિક્ષ, સ્વાસ્થ્ય દેખભાળ, મેડટેક, ઉન્નત સામગ્રી, સ્વચ્છ ઊર્જા અને અન્ય ક્ષેત્રોમાં પ્રસરેલા સ્ટાર્ટઅપ અને ઈનોવેટર્સની સાથે પણ વાતચીત કરી.




પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ નિહાળવા માટે QR કોડ સ્કેન કરો




## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની મુલાકાત થઈ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની વચ્ચે જી-7 શિખર સંમેલન દરમિયાન એક મહત્વપૂર્ણ મુલાકાત થઈ, જેમાં બંને નેતાઓએ પરસ્પર અને વૈશ્વિક મુદ્દો પર મુક્તપણે વાતચીત કરી. બેઠકમાં પીએમ મોદીએ હોર્મુઝ જલડમરૂ મધ્યમાં સુરક્ષિત અને વગર કોઈ અવરોધ સાથે સમુદ્રી વ્યાપારને જાળવી રાખવાની સાથો સાથે નાવિકોની સુરક્ષાને અત્યંત જરૂરી ગણાવી. તેમણે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધને રોકવા અને ત્યાં શાંતિ સ્થાપિત કરવા માટે રાષ્ટ્રપતિ ટ્રમ્પના પ્રયાસોની પણ પ્રસંશા કરી. આ ઉપરાંત, બંને નેતાઓએ ફેબ્રુઆરી 2025ની પોતાની વોશિંગ્ટન બેઠક બાદથી રક્ષા, આધુનિક ટેક્નોલોજી, ઊર્જા અને વ્યાપારના ક્ષેત્રોમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરી. બંને નેતાઓએ ભારત અને અમેરિકાની વચ્ચે વ્યાપાર સમજૂતીને લઈને થઈ રહેલી વાટાઘાટો પર સંતોષ વ્યક્ત કર્યો. પોતાના અધિકારીઓને નિર્દેશ આપ્યો કે તેઓ જલદીમાં જલદી સંતુલિત સમજૂતી તૈયાર કરે, જેનાથી બંને દેશોને ફાયદો થાય.

જોઈએ, જે વિકાસશીલ દેશોને આર્થિક લવચિકતા પ્રદાન કરી શકે. પ્રધાનમંત્રી મોદીએ “સંપર્ક અને વ્યાપારમાં તેજી લાવવાના આંતરરાષ્ટ્રીય લામબંદી સમજૂતી “ અથવા ઈમ્પેક્ટના ગઠનનું સૂચન રજૂ કર્યુ જેમાં જી-7ની મૂડી, ભારતની પ્રતિભા અને ગ્લોબલ સાઉથના સ્વામિત્વને જોડી શકાય છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુએલ મેક્રોનની વચ્ચે સંમેલન દરમિયાન યોજાયેલી બેઠકમાં બંને દેશના સબંધોને વધુ મજબૂત કરવા પર ચર્ચા થઈ. જેના અંતર્ગત આગામી પાંચ વર્ષમાં પરસ્પર વ્યાપારને બમણો કરવા તથા નાના ઉદ્યોગો, રેલવે અને ઉડ્ડયન ક્ષેત્રોમાં સહયોગ વધારવાનો નિર્ણય કરાયો. બંને નેતાઓએ અંતરિક્ષ ક્ષેત્રમાં પ્રાઈવેટ કંપનીઓને પ્રોત્સાહન આપવા અને ‘હોરાઈઝન 2047 રોડમેપ‘ દ્વારા ટેકનિક અને ઈનોવેશનને મજબૂત કરવા પર વાતચીત કરી. શિક્ષણના ક્ષેત્રમાં કાનપુરમાં એરોનોટિક્સ માટે એક ‘ઉત્કૃષ્ટતા કેન્દ્ર‘ સ્થાપિત કરવામાં આવશે અને ફ્રાન્સની યુનિવર્સિટીઓને ભારતમાં તેમના કેમ્પસ ખોલવા માટે આમંત્રિત કરાયા છે. આ ઉપરાંત, લોથલ સમુદ્રી વિરાસત પરિસર સહિત બંને દેશના સંગ્રહાલયોની વચ્ચે સાંસ્કૃતિક સહયોગ વધારવા અને યુક્રેન તેમજ પશ્ચિમ એશિયા જેવા વૈશ્વિક મુદ્દાઓ પર લંબાણ પૂર્વક ચર્ચા થઈ.



# ભારત અને સેશેલ્સની મિત્રતાના 50 વર્ષ

**હિન્દ મહાસાગરમાં ભારતના મહત્વના સમુદ્રી પડોશી અને વ્યૂહાત્મક સહયોગી દેશ સેશેલ્સ સાથે રાજદ્વારી સંબંધોના 50મા વર્ષમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 27 થી 29 જૂન સુધી ત્યાંની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન માત્ર બંને દેશો વચ્ચે ઘણી મહત્વપૂર્ણ સમજૂતીઓ જ થઈ નહીં પરંતુ પ્રધાનમંત્રી મોદી સેશેલ્સની નેશનલ એસેમ્બલીને સંબોધિત કરનારા પ્રથમ ભારતીય પ્રધાનમંત્રી પણ બન્યા. એટલું જ નહીં, સેશેલ્સના રાષ્ટ્રીય દિવસના સુવર્ણ જયંતી સમારોહમાં સન્માનિત અતિથિ તરીકે સામેલ થઈને તેમણે બંને દેશો વચ્ચે ગાઢ થતા સંબંધોને એક નવી ઊંચાઈ આપી...**

સેશેલ્સની રાજકીય યાત્રા પર રહેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ત્યાંના રાષ્ટ્રપતિ ડૉ. પેટ્રિક હર્મિની સાથે દ્વિપક્ષીય વાર્તા કરી. વાર્તામાં આરોગ્ય, શિક્ષણ, કૌશલ્ય વિકાસ, ડિજિટલ પરિવર્તન, સતત વિકાસ, સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, અક્ષય ઊર્જા, સમુદ્રી સુરક્ષા અને રક્ષા ક્ષેત્રમાં સહયોગ પર મજબૂત સહમતી બની. હિન્દ મહાસાગર ક્ષેત્રમાં માદક પદાર્થોની તસ્કરી અને સમુદ્રી ડાકુગીરી જેવા પડકારો



## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 'ગાર્ડિયન ઓફ ધ બ્લૂ હોરાઈઝન' પુરસ્કારથી સન્માનિત

સેશેલ્સના રાષ્ટ્રપતિ ડૉ. પેટ્રિક હર્મિનીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને રાષ્ટ્રપતિના વિશેષ સન્માન 'ગાર્ડિયન ઓફ ધ બ્લૂ હોરાઈઝન' થી સન્માનિત કર્યા. પ્રધાનમંત્રીને આ સન્માન તેમના હરિત નેતૃત્વ, વિકાસશીલ દેશોના હિતોને આગળ વધારવાના પ્રયાસો, બ્લૂ ઈકોનોમી, જળવાયુ પરિવર્તન અને સમુદ્રી સંસાધનોના પ્રબંધન પ્રત્યેની તેમની દીર્ઘકાલીન પ્રતિબદ્ધતા માટે પ્રદાન કરવામાં આવ્યું છે. આ સન્માન હિન્દ મહાસાગર ક્ષેત્રમાં ક્ષમતા વિકાસ, પર્યાવરણ સંરક્ષણ, સતત વિકાસની પહેલ અને સાઈઝડ પ્રાથમિકતાઓને આગળ વધારવામાં ભારતની વધતી ભૂમિકાને સેશેલ્સ દ્વારા આપવામાં આવતા મહત્વને દર્શાવે છે.

## સેશેલ્સની સ્વતંત્રતાની 50મી વર્ષગાંઠ


સેશેલ્સની સ્વતંત્રતાની 50મી વર્ષગાંઠ પર આયોજિત સમારોહમાં પીએમ મોદી સન્માનિત અતિથિ તરીકે સામેલ થયા. પીએમ નરેન્દ્ર મોદી સેશેલ્સના સ્વતંત્રતા દિવસ સમારોહમાં ભાગ લેનારા પ્રથમ ભારતીય પ્રધાનમંત્રી છે. ભારતીય સશસ્ત્ર દળોની ટુકડીઓ પણ સેશેલ્સની સ્વતંત્રતાની સુવર્ણ જયંતી પર આયોજિત રાષ્ટ્રીય પરેડમાં સામેલ થઈ.

## યાત્રા સાથે જોડાયેલા મહત્વપૂર્ણ તથ્યો

- ભારત અને સેશેલ્સ વચ્ચે કનેક્ટિવિટી વધારવા પર કામ કરવામાં આવશે, જેનાથી બંને દેશો વચ્ચે વેપાર વધશે.
- ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ભારતના સફળ અનુભવને સેશેલ્સ સાથે શેર કરવામાં આવશે.
- ભારત સેશેલ્સના સિવિલ સર્વન્ટ્સની તાલીમમાં યોગદાન આપશે.
- જન ઔષધિ પર એમઓયુ (MoU), જેનાથી ત્યાંના લોકોને ગુણવત્તાપૂર્ણ અને સસ્તી દવાઓ ઉપલબ્ધ થશે.
- અવકાશના ક્ષેત્રમાં બંને દેશોએ સાથે મળીને આગળ વધવાનો નિર્ણય લીધો છે.

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સેશેલ્સની નેશનલ એસેમ્બલીને સંબોધિત કરી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સેશેલ્સની નેશનલ એસેમ્બલીને સંબોધિત કરનારા પ્રથમ ભારતીય પ્રધાનમંત્રી બન્યા. તેમણે કહ્યું, "હિન્દ મહાસાગર ક્ષેત્રનો આ પહેલો દેશ છે જ્યાં મેં પ્રધાનમંત્રી તરીકે 2015માં પ્રવાસ કર્યો હતો. પ્રધાનમંત્રી તરીકે કોઈ આફ્રિકી દેશની આ મારી પહેલી મુલાકાત પણ હતી. હું અહીં એટલા માટે આવ્યો હતો કારણ કે મારું માનવું હતું કે સેશેલ્સ હિન્દ મહાસાગર માટે ભારતના દ્રષ્ટિકોણમાં એક વિશેષ સ્થાન ધરાવે છે. આજે, જ્યારે હું એક દાયકા પછી અહીં ફરી આવ્યો છું, ત્યારે તે દ્રઢ વિશ્વાસ પહેલા કરતાં ક્યાંય વધુ મજબૂત થયો છે." પીએમ મોદીએ એમ પણ કહ્યું કે, "આપણી મિત્રતા પચાસ વર્ષ અગાઉ આપણા રાજદ્વારી સંબંધોની સ્થાપના સાથે શરૂ થઈ ન હતી. તેની શરૂઆત ઘણી પહેલા થઈ ગઈ હતી. ઓગસ્ટ 1770માં, સેન્ટ એની ટાપુ પર 'થેલેમાક' જહાજ પર સવાર થનારાઓમાં પાંચ ભારતીયો હતા. તે યાત્રાએ બીજા ઘણા લોકોને રસ્તો બતાવ્યો જે તેનું અનુકરણ કરી રહ્યા છે.




**સેશેલ્સને ભારતની ભેટ**

- એક તેજ ગતિવાળું ગશ્તી જહાજ (પેટ્રોલ વેસલ) ભેટ સ્વરૂપે પ્રદાન કરવામાં આવ્યું.
- સેશેલ્સ સુરક્ષા દળને દસ ઉપયોગી વાહન અને રેડિયન શ્રેણીની પાંચ નોકાઓ
- **6** એમ્બ્યુલન્સ
- **500** મેટ્રિક ટન ચોખા
- **8500** મેટ્રિક ટન સિમેન્ટ

સહિત ક્ષેત્રીય તેમજ વૈશ્વિક ઘટનાક્રમો પર પણ ચર્ચા થઈ. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સેશેલ્સની વિકાસ પ્રાથમિકતાઓના સમર્થન તથા બંને દેશો વચ્ચેની ઘનિષ્ઠ અને સ્થાયી ભાગીદારીને ગાઢ બનાવવા પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતા દોહરાવી. બંને નેતાઓએ ભારત અને સેશેલ્સ વચ્ચે રાજદ્વારી સંબંધોની સ્થાપનાના 50 વર્ષ પૂરા થવાના ઉપલક્ષ્યમાં એક સંયુક્ત સ્મારક લોગો પણ જાહેર કર્યો.

પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ નિહાળવા માટે QR કોડ સ્કેન કરો



મહિલા ખેલ જગતનો સ્વર્ણિમ યુગ

# ખેલો ઈન્ડિયા થી વૈશ્વિક મંચ સુધી




***આજનું ભારત બદલાઈ રહ્યું છે. આ બદલાવની ભવ્ય તસવીર ફરી એક વાર રમતના મેદાનમાંથી સામે આવી છે. વિપરીત પરિસ્થિતિઓનો સામનો કરીને મહિલા ખેલાડીઓએ માત્ર આંતરરાષ્ટ્રીય મંચ પર તિરંગો લહેરાવ્યો છે એટલું જ નહીં પરંતુ દેશના કરોડો યુવાનોને નવા સપના જોવાનું પ્રોત્સાહન પણ આપ્યું છે. ઓલિમ્પિક્સના પોડિયમથી લઈને ક્રિકેટની પિચો સુધી આ દીકરીઓનું ઉત્કૃષ્ટ પ્રદર્શન એ સાબિત કરે છે કે જ્યારે દેશનું ગૌરવ વધારવાની વાત આવે, ત્યારે નવા ભારતની નારી શક્તિ કોઈથી પાછળ નથી. આ શ્રેણીમાં મહિલા હોકી ખેલાડીઓ અને એથ્લેટોએ વૈશ્વિક સ્તર પર દેશનું માન વધાર્યું છે...***

બુનિયાદી માળખામાં સુધારા, યોગ્ય પ્રોત્સાહન અને 'ખેલો ઈન્ડિયા' જેવી દૂરદર્શી સરકારી નીતિઓની અસર આજે દેશના રમતગમતના ક્ષેત્રમાં સ્પષ્ટપણે જોવા મળી રહી છે. દેશના નાના-નાના ગામડાઓ અને કસ્બાઓમાંથી નીકળીને મહિલા ખેલાડીઓ આજે વૈશ્વિક સ્પર્ધાઓમાં ઈતિહાસ રચી રહી છે. સરકાર દ્વારા રમતવીરોને આપવામાં આવી રહેલા નિરંતર સમર્થન અને આધુનિક સુવિધાઓએ તેમની પ્રતિભાને નિખારવાનું કામ કર્યું છે. ભારતીય મહિલા હોકી ટીમે એફઆઈએચ (FIH) હોકી મહિલા નેશન્સ કપ 2026 જીતીને સમગ્ર દેશને ગૌરવાન્વિત કર્યો છે. યજમાન ન્યુઝીલેન્ડને 2-0થી હરાવીને ભારતે બીજી વાર આ ટ્રોફી પોતાના નામે કરી છે.





બીજી તરફ, એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ 2026માં ભારતીય મહિલા ખેલાડીઓની 4x100 મીટર રિલે ટીમે ગોલ્ડ જીતીને તિરંગાનું ગૌરવ વધાર્યું છે. ઓલિમ્પિયન શ્રાવણી નંદા, સ્નેહા શાનુવલ્લી, સુદેશના શિવંકર અને તમન્નાએ મહિલાઓની 4x100 મીટર રિલે ફાઈનલમાં 43.85 સેકન્ડનો સિઝનનો સર્વશ્રેષ્ઠ સમય નોંધાવીને પ્રથમ સ્થાન હાંસલ કર્યું હતું. આ ઐતિહાસિક સફળતાએ ફરી એક વાર સાબિત કરી દીધું છે કે જો તક અને સંસાધન મળે તો ભારતની દીકરીઓ કોઈ પણ ક્ષેત્રમાં વિશ્વ સ્તર પર પોતાની ઓળખ બનાવી શકે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા 'એક્સ' પર એક પોસ્ટમાં કહ્યું કે ભારતીય હોકી ખેલાડીઓ ગૌરવ અને ખુશી લઈને આવ્યા છે. એફઆઈએચ (FIH) હોકી વિમેન્સ નેશન્સ કપ જીતવા બદલ મહિલા ટીમને અભિનંદન. ટીમે સમગ્ર ટુર્નામેન્ટમાં અસાધારણ પ્રદર્શન કર્યું. ટીમને ખૂબ ખૂબ શુભેચ્છાઓ. આશા છે કે આ જીત અન્ય ઘણા ખેલાડીઓને હોકી રમવા માટે પ્રેરિત કરશે.■



**Narendra Modi**
@narendramodi

2014 के बाद से हमने नीतियों के स्तर पर बड़े रिफॉर्म किए हैं। इससे रक्षा उत्पादन तेजी से बढ़ने के साथ ही हमारा डिफेंस एक्सपोर्ट भी अभूतपूर्व गति से बढ़ा है।



**Rajnath Singh**
@rajnathsingh

भारतीय सशस्त्र बल हमेशा से राष्ट्रीय एकता की प्रतीक रही हैं। यहाँ भाषा, क्षेत्र, जाति या प्रांत नहीं, बल्कि केवल राष्ट्र सर्वोपरि होता है। हमारी सेनाएँ उस अखंड भारतीय भावना का जीवंत स्वरूप हैं, जहाँ विविधता ही सबसे बड़ी शक्ति है।



**Amit Shah**
@AmitShah

मोदी जी के नेतृत्व में आज टेक्नोलॉजी आधारित सुशासन का एक और महत्वपूर्ण अध्याय जुड़ रहा है। आज गांधीनगर से 'PM फैमिली केयर ट्रैकर' (FCT) के पायलट परियोजना का शुभारंभ किया। यह डैशबोर्ड विभिन्न प्रकार के डेटा को जोड़कर केंद्र व राज्य की कल्याणकारी योजनाओं का लाभ सीधे जरूरतमंद परिवारों के दरवाजे तक पहुंचाएगा। साथ ही PM ई-बस सेवा को हरी झंडी दिखाई।



**Nitin Gadkari**
@nitin_gadkari

सशक्त किसान, समृद्ध राष्ट्र की दिशा में एक और कदम!

🇮🇳 देश के किसानों के लिए वरदान साबित हो रही प्रधानमंत्री किसान सम्मान निधि (PM-KISAN) योजना की 23वीं किस्त आज प्रधानमंत्री श्री @narendramodi जी ने जारी की।

हुगली, पश्चिम बंगाल के तारकेश्वर में आयोजित इस कार्यक्रम के दौरान देश के 9.44 करोड़ से अधिक किसानों के बैंक खातों में ₹18,880 करोड़ से अधिक की राशि प्रत्यक्ष लाभ अंतरण (DBT) के माध्यम से हस्तांतरित की गई।



**Jyotiraditya M. Scindia**
@JM_Scindia

Sanchar Saathi doing what it does best. Reuniting citizens with their lost/stolen handsets.

Your phone's true saathi.

#SancharSaathi



**Ram Mohan Naidu Kin...**
@RamMNK

The Made in India C-295 reflects a stronger aerospace ecosystem, greater opportunities for MSMEs and skilled talent, and a stronger resolve towards an Aatmanirbhar Bharat.



## विश्वसनीयता में चीन, अमेरिका को पीछे छोड़ कई गुना आगे निकल गया भारत

ऑस्ट्रेलियाई सर्वे में लोगों को भारत पर सबसे ज्यादा भरोसा

भारत की लीडरशिप पर 4 फीसदी लोगों को बहुत ज्यादा भरोसा

अमेरिका और चीन पर घटा ऑस्ट्रेलियाई लोगों का विश्वास

| | |
|---|---|
| भारत | 50 |
| अमेरिका | 31 |
| चीन | 28 |
| रूस | 11 |

भारत में सरकार की स्थिरता का फायदा

## विकसित भारत के लिए एआइ का जिम्मेदारी के साथ उपयोग जरूरी

## मन की बात में पीएम मोदी की अपील, गणेश प्रतिमा मिट्टी की ही लें, पीओपी वाली न खरीदें

## डिजिटल अरेस्ट और साइबर अपराध पर मोदी सख्त

### समीक्षा बैठक में समयबद्ध कार्रवाई के निर्देश

नई दिल्ली, 24 जून (एजेंसी) : प्रधानमंत्री नरेन्द्र मोदी ने डिजिटल अरेस्ट और साइबर अपराध की बढ़ती घटनाओं पर चिंता व्यक्त की और कहा कि ऐसे मामलों में सभी संबंधित एजेंसियों को समन्वित, संवेदनशील और समयबद्ध तरीके से कार्रवाई करनी चाहिए। मोदी ने ये टिप्पणियां साइबर अपराध और 'डिजिटल अरेस्ट' के जरिए होने वाली धोखाधड़ी से जुड़ी शिकायतों की समीक्षा के दौरान कीं।

प्रधानमंत्री ने यह समीक्षा 'प्रगति' की 52वीं बैठक में की। मोदी ने कहा कि लोगों को एक विभाग या एजेंसी से दूसरे विभाग के चक्कर काटने के लिए मजबूर नहीं किया जाना चाहिए।

**4 परियोजनाओं की समीक्षा**

मोदी ने चार राज्यों में सड़क, बिजली, औद्योगिक गलियारे और मेट्रो रेल क्षेत्र से जुड़ी करीब 30,000 करोड़ रुपए की चार परियोजनाओं की भी समीक्षा की।

### नीट पुनर्परीक्षा सुचारू रूप से कराने की पीएम ने प्रशंसा की

प्रधानमंत्री ने बुधवार को केंद्रीय मंत्रिमंडल की बैठक में, विभिन्न विभागों के बीच तालमेल पर जोर दिया और 'नीट-यूजी' पुनर्परीक्षा सुचारू रूप से संपन्न कराने के लिए किये गए प्रयासों की प्रशंसा की। सूत्रों ने बताया कि प्रधानमंत्री ने पूरे सरकारी तंत्र के मिलकर काम करने और विभिन्न मंत्रालयों के बीच तालमेल पर जोर दिया।

## हिंद महासागर को अवसरों का महासागर बनाना लक्ष्य : मोदी

## यूपीआई लागू करने समेत 19 करार

# જળ સુરક્ષાના મજબૂત પ્રહરી...

*જે દેશનું દરિયાઈ સામર્થ્ય જેટલું મજબૂત હશે, તેનો આર્થિક-વ્યૂહાત્મક પ્રભાવ એટલો જ સશક્ત હશે. ભારત આ માટે પોતાની જાતને તૈયાર કરી રહ્યું છે. આ શ્રેણીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 21મી જૂને ભારતીય નૌકાસેનાના ત્રણ આધુનિક જહાજો INS દૂનાગિરી, INS સંશોધક અને INS અગ્રયને કમિશન કર્યા, જે 75% થી વધુ સ્વદેશી સામગ્રીથી નિર્મિત છે. આ એક સંતુલિત અને મિશન-તત્પર નૌકાસેનાના નિર્માણની દિશામાં ભારતની વધતી ક્ષમતા, મજબૂત રક્ષા નિર્માણ ઈકોસિસ્ટમ અને 'આત્મનિર્ભર ભારત' પ્રત્યેના અતૂટ સંકલ્પનું પ્રતીક છે...*



પ્રધાનમંત્રીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.

## આઈએનએસ દૂનાગિરી

- પ્રોજેક્ટ 17-A અંતર્ગત નીલગિરી શ્રેણીનું પાંચમું યુદ્ધપોત.
- સુપરસોનિક મિસાઈલ, અદ્યતન વાયુ રક્ષા પ્રણાલી અને સબમરીન-રોધી (પાણીની અંદરની દુશ્મન સબમરીનનો નાશ કરનારા) હથિયારોથી સજ્જ.
- તેની હેલિકોપ્ટર સંચાલન ક્ષમતા, તેની દેખરેખ અને મારક શક્તિમાં વધારો કરે છે.



## આઈએનએસ સંશોધક

- વિશાળ સર્વેક્ષણ પોત શ્રેણીનું ચોથું જહાજ.
- અત્યાધુનિક હાઈડ્રોગ્રાફિક અને સમુદ્ર-વિજ્ઞાન પ્રણાલીઓથી સુસજ્જ.
- સચોટ સમુદ્રી સર્વેક્ષણ કરે છે. જરૂર પડ્યે હોસ્પિટલ શિપ તરીકે ઉપયોગ શક્ય.
- હેલિકોપ્ટર સંચાલનની સુવિધાએ તેની બહુઉદ્દેશ્યીય ક્ષમતા વધારી છે.



## આઈએનએસ અગ્રય

- ભારતીય નૌકાસેનાનું છીછરા પાણીમાં સબમરીન-રોધક (Anti-Submarine) યુદ્ધપોત.
- ASW-SWC શ્રેણીનું પાંચમું જહાજ.
- અત્યાધુનિક સોનાર, ટોર્પિડો અને સબમરીન-રોધક રોકેટથી સજ્જ.
- વોટર જેટ ટેકનિકને કારણે તેજ અને ચપળ ગતિથી કાર્ય કરે છે.




ન્યૂ ઈન્ડિયા **સમાચાર** પાક્ષિક

**આર.એન.આઈ., DELGUJ/2020/78812, 16-31 જુલાઈ, 2026**

આરએનઆઈ DELGUJ/2020/78812 (પ્રકાશન તિથિ- 3 એપ્રિલ 2026, કુલ પાના-48)

**મુખ્ય સંપાદક**
ધિરેન્દ્ર ઓઝા, મુખ્ય મહાનિદેશક
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો, નવી દિલ્હી

**પ્રકાશક**
કંચન પ્રસાદ
મહાનિદેશક, કેન્દ્રીય સંચાર બ્યુરો

રૂમ નંબર-278, કેન્દ્રીય સંચાર બ્યુરો, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી- 110003 થી પ્રકાશિત